# ✿ અનુક્રમણિકા ✿


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| 'મા' સર્વેશ્વરી અહોભાવ નહિ, ભાવ ચાહે છે. | પ્રો. તરલા દેસાઈ | ૧૧ |
| મુંબઈના આંગણે શ્રી શ્રી મા | શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી | ૧૭ |
| વિશેષતાને વંદન | સુશીલાબેન ભક્ત | ૨૩ |
| પ્રણામ પૂજા | ટોરન્ટો કેનેડા | ૨૭ |
| About MAA and My Experiences With MAA | Ruta Sutariya | ૨૯ |
| પૂ. મા અને પૂ. મા સાથેના મારા અનુભવો | ઋતા સુતરિયા | ૩૩ |
| સ્વર્ગારોહણ તીર્થભૂમિપર અનાજ અને વસ્ત્ર સહાય યજ્ઞ | સેવક રાજેન્દ્ર જાની | ૩૭ |
| સ્વર્ગારોણમાં પૂ. માના જન્મદિવસની ઉજવણી | ડો. બી. જે. જાગાણી | ૪૪ |


✿

## ❁ સ્નેહસૌરભ ❁

અમારાં બા શ્રી મંદાકિનીબેન ઠાકર સ્વભાવે ખૂબ પ્રેમાળ, શ્રદ્ધાળુ, ઉદાર તેમ જ પૂરાં શિવભક્ત. પ. પૂ. મા મા શ્રી સર્વેશ્વરીમાં પણ એમની એવી જ પ્રગાઢ શ્રદ્ધાભક્તિ એમને મન એમના ઉપાસ્ય દેવ ભગવાન શંકર અને મા સર્વેશ્વરીમાં કોઈ ભેદ નહિ. એવી સરસ એમની સમજ. એમનું જીવન ખૂબ સાદુ, સરળ અને નિર્દોષતાપૂર્ણ એટલે જ કલ્પી ના શકાય એવું એમનું મંગલમય મૃત્યુ! સત્યપથમાં પૂ. માના ચરણોમાં બેસીને એમણે જે છેલ્લું ગીત ગાયું તે આ હતું, ‘‘મા સર્વેશ્વરીની જોડ સખી નહિ જડે રે લોલ!’’–જાણે કવિ બોટાદકરની કાવ્યપંક્તિને એમણે આધ્યાત્મિક ઓપ આપી પૂ. માના શ્રી ચરણે અંજલિ ધરી દીધી! આવી માતાના સંતાન હોવાનું અમે ખરે જ ગૌરવ અનુભવીએ છીએ. એમની પુણ્યસ્મૃતિમાં અધ્યાત્મના આ અંકના સેવાનો અર્ઘ્ય ધરતાં, અમે પૂ. મા–પ્રભુને પ્રાર્થીએ છીએ કે તેઓના આત્માને, જ્યાં હોય ત્યાં, ઉર્ધ્વગતિ કરવામાં સહાય કરતાં રહે.

—કૃતકૃત્યતા અનુભવાતાં મંદાબાના બાળકો.



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૬ ફેબ્રુઆરી–૨૦૦૫ અંક ૫

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૮–૧૧–૮૧ રવિવાર, કારતક સુદ અગીયારસ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટા આના, અમેરિકા.**

અમેરિકાની ધરતી ઉપર પ્રથમ દિવસ. આ નવા સ્થળમાં થોડાક પરિચીત શ્રી ભગવાનભાઈ ને કંચનબેનના પરિવારને મળવાનો પણ આ પ્રથમ દિવસ છે.

મોટલ એટલે રહેવાની સગવડવાળા ઘણાં ઓરડાઓનું એક સ્થાન. આ મોટલના ૨૦ ઓરડાઓ છે. સામસામી ઓરડા ને બહાર વચ્ચે થોડુ મેદાન જેવું. થોડાં વૃક્ષો અને ઓરડાની ડાબી બાજુએ મુખ્ય માર્ગ છે. સામેના પ્રથમ ભાગમાં એ સેવાભાવી પરિવાર રહે છે.

શ્રી ભગવાનજીભાઈ શ્રીમદ્ રાજચંદ્રને વિશેષરૂપે માનનારા છે. જેથી એમના ઘરમાં શ્રીમદ્ રાજચંદ્રનું નાનકડું દેવસ્થાન છે. જ્યાં નિયમિત દીપ પ્રગટાવવામાં આવે છે. ૧૯૭૮ માં પૂ. શ્રી ફક્ત બે જ દિવસ અહીં રહ્યા હતા. છતાં કેવો ભક્તિભાવ! પૂ.

શ્રીની કંઇક સેવા કરવાની ભાવના, પરિણામે સરળતા રહે તે માટે પૂ. શ્રીની ને સર્વેશ્વરીની રીર્ટન ટિકિટ આ પરિવારે મોકલી. પૂ. શ્રીએ સ્વીકાર કર્યો, એ ટિકિટ મુંબઇ—લંડન—લોસ-એંજલસની હતી. એક ટિકિટના લગભગ ૧૨ હજાર રૂપિયા થાય. એટલે ૨૪ હજાર જેટલી મોટી રકમ કોઇ સંતપુરુષને માટે ખરચવાની ભાવના જ્વલંત શ્રદ્ધાભક્તિનું પ્રતીક જ છે ને! પોતાના અંગત જીવનના ઉપયોગ કે સ્વજન માટે માનવ ખરચતો હોય તે સ્વાભાવિક છે, પણ ધર્મને નામે કોઇ એક સંતપુરુષ પાછળ આટલી મોટી રકમ ખરચવાનો પ્રસંગ સાચે જ અભિનંદનીય હતો. એકલો પુરુષ એવી ભાવના કદાચ સેવે, પણ ગૃહસ્થાશ્રમમાં તો પોતાની ધર્મપત્નીનો સહકાર પણ અતિ જરૂરી બને છે. એ દૃષ્ટિએ સંતની આવી અદ્ભુત સેવા કરવામાં સહકાર આપનાર શ્રી કંચનબેન પણ સાચે જ વંદનીય છે.

બે દિવસ ઉપર કેનેડામાં હતાં ત્યાં જ ટિકિટની બધી જ રકમો આપી શકાય તે અંગે પૂ. શ્રી પાસે વણમાંગ્યે ઈશ્વરની ઈચ્છાથી સ્વેચ્છાએ આવેલી અત્યાર સુધીની રકમની ગણત્રી કરી હતી અને એ મુજબ ટિકિટના પૈસા અમેરિકા જઇને આપી દેવાના છે. આગ્રહ કરીને પણ તે રકમ આપવાની જ છે એ વાત ચોક્કસ રીતે વિચારી લેવામાં આવી હતી. કારણ ટિકિટ તો ત્રણ વરસથી આવી હતી ને જ્યારે ટિકિટ મંગાવવાની વાતો થઇ ત્યારે પૂ. શ્રીએ સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે અમે ત્યાં આવીશું ત્યારે ટિકિટના પૈસા આપી દઇશું. પૂ. શ્રી એ બાબતમાં ખૂબ જ સ્પષ્ટ રહે છે. જેને વ્યવહારશુદ્ધિનું એક પાસુ કહી શકાય. તે પાસુ પૂ. શ્રીના જીવનમાં જોવા મળે છે.

આજે પૂ. શ્રી સવારે છ વાગ્યે ઉઠી જાય છે. રાત્રે અહીં એક વાગ્યે સૂવાનું બન્યું હતું. વ્યાયામ, મંત્રજપ, માળા, લેખન



વગેરેમાંથી પૂ. શ્રી સાડા અગિયારે નિવૃત્ત થાય છે. સર્વેશ્વરી પણ મંત્રજપ ને ડાયરી લેખનનું કાર્ય કરી સાડા અગિયારે જ નિવૃત્ત થાય છે.

આજે સાડા અગિયાર વાગ્યે પૂ. શ્રીના દર્શને આવનાર શ્રી ઈશ્વરભાઇ, કંચનબેન, ભગવાનજીભાઇ હતા. થોડી સામાન્ય વાતો થઇ. પછી શ્રી હીરાભાઇ સાથે બે—ત્રણ બીજા મુલાકાતીઓ આવ્યા. જેમની સાથે પૂ. શ્રીએ થોડી આધ્યાત્મિક ચર્ચા કરી, કારણ શ્રી હીરાભાઇએ મંત્ર અંગે એક—બે પ્રશ્નો પૂછ્યા. પ્રવચનના કાર્યક્રમની વાતો પણ થઇ.

આજે અગિયારસ. જેથી પૂ. શ્રીએ ફળાહારમાં શીરો, શાક, દૂધ લીધાં. ત્યાર બાદ આરામ કર્યો. સર્વેશ્વરીએ લગભગ દોઢ કલાક સુધી થોડી સામાન્ય, ઇંગ્લેન્ડના, કેનેડાના જાહેર જીવનની, ચર્ચા શ્રી ઈશ્વરભાઇ, શ્રી ભગવાનજીભાઇ વગેરે સાથે કરી. ત્યાર બાદ ડાયરીનું લેખન કર્યું. પૂ. શ્રીએ ફરીથી કલમ લીધી ને રામાયણનું લેખન ૫:૩૦ સુધી કર્યું.

સાડા પાંચે કપૂરાના પૂ. શ્રીના યજમાન પરિવારનો પુત્ર જગદીપ મળવા આવે છે. પૂ. શ્રી એને નવા વરસે શુભાશીર્વાદ આપે છે. એની સાથે વાતચીત દરમ્યાન પૂ. શ્રી કહે છે :

'આ ભાઇ આ દેશમાં રહીને પોતાના મનોબળ ઉપર પવિત્ર જીવન જીવી શકે છે તે સાંભળીને મને ખૂબ આનંદ થયેલો.'

સર્વેશ્વરી : તો પછી આજે આપ આશીર્વાદ આપો કે એ આખુંયે જીવન પવિત્ર જ રાખી શકે.

પૂ. શ્રી : કેવું જીવન રાખવું તે તો પોતાના મનોબળ પર આધાર રાખે છે. લોહીના સંસ્કારો પર પણ આધાર છે. અહીં તો સંસ્કારોનું જતન કરવું પડે. ૨૫ ટકા કેવી કંપની મળે છે

તેના પર પણ આધાર, તો ૨૫ ટકા પોતાનું મનોબળ કેવું છે તેના પર પણ આધાર રહે છે. તો ૫૦ ટકા સંસ્કાર. લોહીના સંસ્કાર પણ ઘણો આધાર રહે છે. જીવનમાં તો પૈસાનું જ મહત્ત્વ નથી. હા. એ મહત્ત્વ વધતું ઓછું હોય પણ પૈસાના બદલામાં ચારિત્ર્ય જતું રહે તો શું કામનું છે?

ઇંગ્લેન્ડમાં શાકાહારી મંડળ ચાલે છે તેની વાતો કરી. પછી આજના સત્સંગના કાર્યક્રમનો સમય થયો હોવાથી પૂ. શ્રી સામેના બેઠકના ઓરડામાં ગયા. આજે બહાર સત્સંગ ન હતો. સામાન્ય વાતો અને પ્રવચનની ગોઠવણી માટેની વિચારણા કરવાની હતી. છતાં વીસ જેટલા ભાઈબેનો આવીને બેઠા હતાં.

પૂ. શ્રીને મળવા ભક્ત સમાજ ઓફ યુ. એસ. એ.ના પ્રમુખ શ્રી છગનભાઈ ભક્ત પણ આવ્યા હતા. તેમની સાથેની વાતચીતમાં આજે પૂ. શ્રીએ સર્વેશ્વરીનો વિગતવાર પરિચય આપ્યો. ત્યાં વળી શ્રી કંચનબેને એક લેખિત પ્રશ્ન પૂ. શ્રીને આપ્યો. જેમાં પૂ. મા સર્વેશ્વરી મૌન મંદિરનો એકાદ અનુભવ સંભળાવે એવી વિનંતિ કરી હતી. તેથી પૂ. શ્રીની સૂચના મુજબ સર્વેશ્વરીએ 'પ્રાર્થના સંભળાય છે' તે અનુભવ કહી સંભળાવ્યો. પછી એક ભજન ગવડાવ્યું. ત્યાર બાદ 'અધ્યાત્મ'ની સર્વમંગલ ટ્રસ્ટની, સારા કામોમાં સહાયતાની વાતો થઈ. પછી સૌ વિદાય થયા.

પૂ. શ્રીએ દૂધ ને કેળું લીધું. પછી પ્રાર્થના કરીને આરામ કર્યો. સર્વેશ્વરીએ ડાયરી લેખન કરી આરામ કર્યો.

અમેરિકાનો આ પ્રથમ દિવસ આ રીતે પૂરો થયો. અમેરિકા-ની આ યાત્રામાં શ્રી ઈશ્વરભાઈ કપૂરાથી આવ્યા છે તે પણ જોડાયા છે. જેથી ઘણી સરળતા રહેશે એવું લાગે છે.

આજે શ્રીકંચનબેનને ડાયરીના બે દિવસોની નોંધ વાંચી



સંભળાવવામાં આવે છે. તેઓ પ્રણામ કરી વિદાય થાય છે. વળી આજે આશા જે અહીંથી ૫૦૦ માઈલ દૂર રહે છે તેના બે વાર ફોન આવે છે. તે છોકરી અનન્ય શ્રદ્ધાળુ છે. એનો આગ્રહ પૂ. શ્રી પોતાને ત્યાં જ ઉતરે એવો છે. સવારે સર્વેશ્વરી સાથે તેણે વાતો કરી. સાંજે પૂ. શ્રી વાતો કરતાં તેનું હૈયું ભરાઈ ગયું. અતિશય લાગણીશીલ સ્વભાવ ને અનન્ય શ્રદ્ધા-ભક્તિ. પૂ. શ્રીએ એ બેનને કહ્યું કે, 'તારે ત્યાં જરૂર ઉતરીશું.' સત્સંગ ચાલુ હતો ત્યારે એ ફોન હતો જેથી થોડી જ વાતો થઈ શકી.

ભારતથી હજારો માઈલ દૂર દૂર આવવાનું બને છે. નવા નવા પરિચિત ને શ્રદ્ધાળુ સેવાભાવી આત્માઓને મળવાનું બન્યું ને બનશે. પ્રભુ તારી ઈચ્છા ને યોજના મંગલમય જ છે એમ માનવું જ રહ્યું. હરિઃ ૐ (ક્રમશઃ)

મંદિર તેના પોતાના માહાત્મ્યથી નહિ, પરંતુ પવિત્ર લોકોના સંસર્ગથી પવિત્રતા ધારણ કરે છે.

—યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩

# મા અમારી પ્રકાશિત પગદંડી

પ્રા. ડૉ. અરૂણા ઠાકર

[નોંધ : જેમની સ્મૃતિમાં અધ્યાત્મના આ અંકની પ્રકાશનની સેવા પ્રાપ્ત થઇ છે, તે શ્રી મંદાકિનીબેનની સુપુત્રી ડૉ. પ્રા. અરુણા ઠાકરે પોતાની માતાના જીવનની વિશેષતાઓ દર્શાવતો જે સરસ લેખ લખ્યો છે, તે વિસ્તૃત હોવાથી, તેનો એક ભાગ આ અંકમાં અત્રે પ્રકાશિત કરીએ છીએ. બીજો ભાગ માર્ચ, ૨૦૦૫ ના અંકમાં પ્રસિદ્ધ કરીશું. — તંત્રી]

"શું શું સંભારુ માને શું શું પૂજું?
પુણ્યાત્માના ઊંડાણો તો આભ જેવાં અગાધ છે."

—નાન્હાલાલ

કેટકેટલી વિશિષ્ટતાઓ સભર એમનું જીવન! દીવાદાંડી સમું. અમારા પૂ. માતા જન્મ્યાં ૧૯મી સદીમાં પણ ૨૧ મી સદીની આધુનિકતા જોવા મળે. પિયરમાં સૌથી મોટું સંતાન અને સાસરીમાં સૌથી નાની વહુ. મીત અને મધુરભાષી. સૌને પ્રેમથી તેમણે જીતી લીધાં હતાં.

શિવજી તેમનાં આરાધ્ય દેવ. નિયમિત શિવમંદિરે જળ અર્પણ કરે. મોસાળ સુખી. પરંતુ પોતાની માતાને ત્યાં ખૂબ ગરીબી. મામાના અતિઆગ્રહ છતાં ત્યાં રહી ભણવા ન ગયાં. માતાને મદદરૂપ બન્યાં. એકવાર ગરીબીથી કંટાળી તેમના માતા બધા બાળકોને લઇ કૂવે પડવા ગયાં. થાળાપર આવતાં જ અમારા પૂ. માતાએ કહ્યું હું આ રીતે મરવા તૈયાર નથી. આપણે મજૂરી કરીશું, ઈશ્વર રાખશે તેમ રહીશું (પડિયા



પતરાંળા સીવી ગુજરાન ચલાવતા) પણ આવું મૃત્યુ સારું નથી. રકજકથી પાસેના ખેતરના થોડા માણસો દોડી આવ્યાં. દાદીમાને સમજાવટથી પરિસ્થિતિ થાળે પાડી. ખેતરના ચોળા (અનાજ) એક વર્ષ ચાલે તેટલા આપી ઘરે વિદાય કર્યાં. આ રીતે અમારા માતાને પહેલેથી જ ઈશ્વરમાં શ્રદ્ધા—વિશ્વાસ. ઈશ્વરગમ્ય મૃત્યુ જ પસંદ. ૬૭ વર્ષની ઉંમરે તેમનું દૈવીકૃપાથી મળેલું મંગલમય મૃત્યુ તેની સાખ પૂરે છે.

સ્વભાવે સ્વાવલંબી. કોઇની પાસે હાથ લંબાવવો ગમે નહીં. પાત્રીસ વર્ષની ઉંમરે અમને ચાર ભાઇબેનોને પિતા પાસે મૂકી પોતે આગળ ભણવા ગયાં. નોકરી મળી. ગ્રામસેવિકા, શિક્ષિકા અને છેલ્લે ફેમિલી હેલ્થ વર્કર તરીકે ગામડામાં. ૧૯૬૩ માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. માંદગીના બીછાને રહેલા અમારા પિતાની હોસ્પીટલમાં ત્રણ મહિના ખૂબ સેવા કરી. તે જ વર્ષે પિતાજીએ પણ પૃથ્વીપરથી વિદાય લીધી. રોકકળ ના કરી. હૈયાના દુઃખને હૈયામાં જ સમાવી પિતાની બધી જ સેવાપૂજા (ઘરના મંદિરની) પોતે કર્મકાંડમાં ન માનતાં હોવા છતાં સ્વીકારી. નિયમિત હોમહવન કરે. ચંડીપાઠ, રુદ્રી કરે. ભગવાનને જુદાં જુદાં ભોગ ધરાવે.

પોતાને મળતા પેન્શનમાંથી વધુ રૂપિયા દાનપુણ્યમાં ખર્ચ કરે. બાળકો, વિદ્યાર્થીઓ, ગરીબને યથાશક્તિ મદદ કરે, પોતાની જીવનજરૂરિયાત ઘણી ઓછી. સાદગીભર્યું ઉદાર જીવન.

ખૂબ નીડર. નાનકડા અંતરિયાળ ગામમાં નોકરી કરે. ગામમાં લાઇટ કે પાણીના નળની કોઇ વ્યવસ્થા નહિ. ફાનસ અને કૂવાનો ઉપયોગ. સરકારી મકાન મળેલું. ગામથી દૂર સ્મશાન પાસે જ. ઘરની પાછળ છાણનાં મોટા ઉકરડા, તેમાંથી વીંછી ને

સાપ ઘરમાં પણ આવી જાય. માતા તેને મારે નહિ. પકડીને દૂર મૂકી આવે. ગામડાના અંધશ્રદ્ધાળુઓ ભૂતપ્રેતથી ડરાવે, તોપણ શિવજીના જપ કરતાં એકલાં ઘરમાં સૂવે.

આજુબાજુના નાના ગામોમાં ચાલતા જઇ નોકરી કરવાની. થાકી જવાય છતાં કોઇ ફરિયાદ નહિ. શરીર કદમાં મોટું, નાનાં બાળકો ચીડવે. તો તેઓ હસીને હસાવે. તેમનાથી નારાજ ન થાય. ઉપરથી પીપરમીટ આપીને કહે આરતીના સમયે ઘરે આવજો તમને બધાને ભગવાનનો સરસ પ્રસાદ આપીશ. આવાં પ્રેમાળ!

ગરીબીમાં પણ એનાં અમીર હૃદયમાં અમે મોજ કરતાં. અભણ ગામમાં નોકરી. કામ સરકારી નિયમ મુજબ પૂરતું થાય નહિ એટલે પગાર ત્રણ—ચાર મહિને થાય. અમે બે નાનાં ભાઇ—બેન ભણનારાં. પિતાજી ૧૯૭૫માં ના નિવૃત્ત થયેલા, પૈસાની કોઇ બચત નહિ. હું ૧૧માં ધોરણમાં ભણું. ભાઇ સાતમામાં. શાળામાં ફી ભરવાની જરૂરિયાત ઊભી થાય. ઉઘરાણી આવે તો અમને રડવા ન દેતા રસોઇના પિત્તળના વાસણ વેચી તે પૈસામાંથી અમારી ફી ચૂકવેલી. ઘણી મહેનત મજૂરી કરી અને ભણાવ્યાં છતાં અમારા તરફ સહેજ પણ અપેક્ષા નહિ.

પારકા પોતાનાનો ભેદ નહિ. નાનકડા અનિયમિત પગાર-માંથી ગરીબ દર્દીઓને પોતાના પૈસે દવા લાવી મફત આપે. કોઇનું દુઃખ ના જોઇ શકે. થોડામાંથી થોડું પણ આપીને રાજી!

મને ટાઇફાઇડ થયો. પાસે પૈસા નહિ. મને ઊંચકીને ગાડામાં નાંખી પોતે એકલાં બાર કિલોમીટર દૂર આવેલા દવાખાને લઇ ગયાં. ડોક્ટરને ભલામણ કરી દવા—ઇન્જેક્શન



લીધાં. જ્યારે પૈસાની સગવડ થઇ ત્યારે તે ખર્ચની રકમ પરત આપી આવ્યાં. આવાં હિંમતવાન અને વ્યવહારશુદ્ધ માતા ઈશ્વરે શોધીને જાણે અમને આપ્યાં!

કોઇના પ્રેમનો અનાદર ના કરે. ભંગીવાસમાં જવું પડે. તેમના ઘેર પ્રેમથી કહે તો ચા પણ પી લે. છૂતાછૂત નહીં. ગામના લોકો આનો વિરોધ કરે તો શાંત રહી કહે, ''ઈશ્વર બધામાં છે.'' પ્રેમનો અનાદર કરીએ તો પ્રભુ આપણને પ્રેમ ન આપે.

૧૯૮૦માં મને પ્રથમવાર વડોદરામાં પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી અને પૂ. શ્રી માનું દર્શન થયું. હૃદયથી ભાવી ગયા. ગુરુપદે સ્થપાઇ ગયા. ૧૯૮૧માં અમદાવાદમાં તેઓના પ્રવચનો લો કોલેજના મેદાનમાં ગોઠવાયાં. મને જવાની ઇચ્છા થઇ. પિતાજી જવા ન દે. ઘરમાં રહી ભક્તિ કરવાનું કહે. ત્યારે અમે પિતાજી અને બધાં ભાઇબહેનો મોટીબેનને મળેલા સરકારી મકાન અમદાવાદ(નરોડા)માં રહેતાં હતાં. માતા દર મહિને અથવા તો પગાર થાય ત્યારે મળવા ને આર્થિક મદદ કરવા આવે. તેઓ આવ્યાં. મેં વાત કરી પ્રવચનની. પિતા પાસે ફિલ્મ જોવા જવાની રજા મેળવી. હું ને માતા પ્રવચન સાંભળવા ઉપડી ગયાં. ઘરે, આવ્યાં. પિતાએ પૂછ્યું, ''કયી ફિલ્મ જોઇ?'' તો કહે, 'સાચુ સગપણ.' અનાયાસે બોલાયેલા આ શબ્દો તેમનાં જીવનમાં અને તેમના બાળકોને માટે કેટલા સાચા ઠર્યા! કેવી સમજ?

માતાને આ પ્રવચન, દર્શનથી મા—પ્રભુમાં શ્રદ્ધા પ્રીતિ બંધાઇ. તેઓ પૂ. શ્રી માને નિયમિત જાસૂદનું પુષ્પ અર્પણ કરે. ગાય.

''હું હરિનો હરિ છે મમ રક્ષક એહ ભરોસો જાય નહિ,
જે હરિ કરશે તે મમ હિતનું, એ નિશ્ચે બદલાય નહિ.''

બાળક જેવું નિર્દોષ તેમનું વ્યક્તિત્વ. ફિલ્મનાં ગીતોને તેઓ પૂ. શ્રી મા પાસે પ્રેમલક્ષણા ભક્તિ તરીકે લલકારે. પૂ. શ્રી મા વિદેશમાં હોય કે ભારતમાં. રૂબરુ દર્શન થાય કે ફોન ઉપર સત્સંગ. મા અવશ્ય અમારા માતાને ગાવા માટે કહે, એટલે ગાય 'હમારા દિલ આપકે પાસ હૈ...', 'ન યે ચાંદ હોગા, ન તારે રહેંગે, મગર હમ હંમેશાં તુમ્હારે રહેંગે.' આ ગીતો પણ અભિનય સાથે ગાય. હું કહું તમે આવું કરો છો તો મને શરમ આવે છે. તો કહે, 'એમાં શેનો સંકોચ? 'મા' તો જગદંબા છે. મંદિરમાં આરતી ઉતાર્યા કરતાં તેઓની સન્મુખ જ ભજનો ગાવાં જોઈએ. પૂ. મા મને ખૂબ પ્રેમ કરે છે. તેઓ નથી વઢતાં તો તને શો વાંધો છે?

હું ધૂની. કામમાં હોઉં તો માતાની બૂમ મને ઘરમાં ને ઘર-માં પણ ન સંભળાય. ધ્યાનબહેરાની જેમ મારું કામ કર્યા જ કરું. એટલે તેઓ મોટેથી 'ૐ યોગેશ્વરાય નમઃ...ૐ યોગેશ્વરાય નમઃ' બોલે અને મને એ સંભળાઈ જાય. હું સામે જાઉં ને અમે બન્ને હસી પડીએ. કોને શું ગમે છે? તેનો બરાબર ખ્યાલ તેઓ રાખે. ગુસ્સે થયા વિના કળથી કામ લે.

'શ્રીહરિ' મંત્રજપથી ઘણી નોટો ભરે. મંદિરમાં આપી આવે ને 'શ્રીમદ્‌ભાગવત' ભેટમાં મેળવી રાજી થતાં કહે પૂ. માને 'શ્રીહરિ' ખૂબ ગમે છે તેથી લખું છું. આવો તેમનો મા માટેનો ભક્તિભાવ. પૂ. માના દ્વાર બંધ હોય તો તે 'જય કૃપાળુ મા' કે 'હરિઃ ૐ' ન કહે ''જય શ્રીહરિ''ના ઉચ્ચારણથી સત્યપથનાં દ્વાર ખોલાવે. (ક્રમશઃ)



# પ્રભુ પ્રેમના અંકુરિત થતાં બીજ એટલે ફૂલવાડી

**સિદ્ધાર્થ પટેલ**

પૂ. માની કૃપાથી બાળકોમાં પ્રભુપ્રેમના બીજ અંકુરિત થાય એ માટે અગાઉના વર્ષોની જેમ આ વર્ષે પણ ફૂલવાડીનો કાર્ય-ક્રમ યોજાયો. દીવાળી વેકેશનના દિવસો ને પૂ. માની સંનિધિ એટલે બાળકોને તો પૂ. માના અંકે કિલ્લોલ કરવાનો અનેરો અવસર મળી ગયો. તા. ૧૪–૧૧–૨૦૦૪ થી ૧૭–૧૧–૨૦૦૪ સુધી સ્વર્ગારોહણમાં બાળકોનું સામ્રાજ્ય સ્થપાઇ ગયું. મોટી ઉંમરના સાધકોએ આ નાનકડાં બાળ–ફૂલોનું વિશેષ ધ્યાન રાખ્યું. અલગ સૂવાની વ્યવસ્થાથી માંડીને ખાસ પ્રકારના ભોજન-ની વ્યવસ્થા કરી. ફૂલવાડીના ફૂલોના કૂમળા મન પર ઉત્તમ સંસ્કારોની પચરંગી ભાત પડે એટલે મનોવિજ્ઞાન અને અધ્યાત્મ-નું સારું સંમિશ્રણ થાય એ માટે વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો.

પ્રતિપળે પૂ. માનું માર્ગદર્શન ને સંનિધિ તો હતાં જ અને સાધક બહેનોનો ઉત્તમ સહકાર પણ એટલો જ હતો. ફૂલવાડીનાં બાળકો પાસે કઇ પ્રવત્તિઓ કરાવીએ તો સર્જનશીલતા આવે, પાંગરે ને પ્રસરે. બસ! આ જ ધ્યેયે અમને બાળમાનસ સાથે જકડી રાખ્યા ને ફૂલવાડીના આ મુજબના કાર્યક્રમોની શૃંખલા જન્મી.

૧. બાળકો સ્વતંત્ર રીતે રહેતાં શીખે, નહાવાથી માંડીને પોતાની દૈનિક ક્રિયાઓ જાતે જ કરે. સ્વતંત્રતાની મોજ માણે એટલે સૂવાની ખાસ વ્યવસ્થા કરી.

૨. પૌષ્ટિક આહાર મળે અને શરીરને પ્રણામ વંદનાથી સભર કરી પ્રત્યેક અવયવને પ્રભુની શક્તિથી સંપન્ન કરવા માટે સંકીર્તન–પ્રણામ, પ્રદક્ષિણા કર્યા.

૩. હાથ, પગ, આંખ, કર્ણ, નાસિકા વગેરે ઇન્દ્રિયોદ્વારા મનમાં સંસ્કારો પડે છે. જેવા વિષયો તેને આપવામાં આવે તેવા સંસ્કારો પડે. હાથવડે ક્રાફ્ટ્સની પ્રવૃત્તિઓ, પગવડે પ્રદક્ષિણા, પ્રણામ વંદના, આંખવડે યોગતીર્થનું નિરીક્ષણ અને પૂ. માના દર્શન, કર્ણવડે સંકીર્તન શ્રવણ અને નાસિકાવડે બગીચાના ફૂલોની સહજરીતે મળતી ખૂશબુ, ગ્રહણ કરવાના કાર્યક્રમો યોજાયા.

૪. એક સાથે ઘણી બધી ઇન્દ્રિયોને સાત્ત્વિક આહાર મળે તેવા સાંસ્કૃતિક કાર્યક્રમો કર્યા, જેથી બાળકનું અંતઃકરણ પ્રભુ-પ્રેમનું જ પાન કરે અને પૂ. માના નિરંતર વહેતા પ્રેમનો આસ્વાદ માણે.

૫. કલે—માટીનાં રમકડાં બનાવવાં, ગણપતિ બનાવવા, શીખેલી બાબતોની કસોટીઓ લેવી, પોતાના દાંતની સંભાળ લેવી, સારી ટેવો પાડવી, શરીરને સ્વચ્છ રાખવું, વડીલોને આદર આપવો ને બીજા સાથે સંપથી રહેવા અંગે જાણકારી આપી.

૬. ક્રિકેટની રમત રમવી, કાપડામાંથી ફૂલો બનાવવાં, શુદ્ધ આહાર લેવો, ટી. વી. જોવા પર સંયમ રાખવો, મેંદાની બનાવટો ન ખાવી, ઠંડાં પીણાં ન પીવાં વગેરે બાબતો પર વૈજ્ઞાનિક સમજ આપી.

બહુવિધ વિષયોને આવરી લઇ એક સંપૂર્ણ માનવ તૈયાર કરવાના યજ્ઞમાં ખરેખર સૌને આનંદ આવ્યો અને બાળકોની આંખમાં ને વ્યવહારમાં પ્રભુ પ્રેમના અંકુરિત થતાં બીજનાં દર્શન થયાં. મા—પ્રભુની કૃપા અનંતધારે આ બાળકો પર વરસી એ જોવાનો લ્હાવો સહુ કોઇને મળ્યો. ફૂલવાડી કાર્યક્રમ એ રીતે ઘણો સફળ થયો.



# ફૂલવાડીમાં ભાગ લેનાર સદ્‌ભાગી બાળકોનાં નામ

વિનોદિનીબેન પટેલ

## વડોદરા

| | | | |
|---|---|---|---|
| ૧. | ધૃવી વિનોદભાઇ કાકા | E | ૫ |
| ૨. | ગોપી અશ્વિનભાઇ કાકા | G | ૬ |
| ૩. | વિશ્વા આનંદભાઇ કાકા | G | ૪ |
| ૪. | દિશા નિલેષભાઇ ટેલર | G | ૫ |
| ૫. | આદિત્ય દિવ્યકાંતભાઇ ભટ્ટ | E | ૨ |
| ૬. | વેદ અતુલભાઇ કોન્ટ્રાક્ટર | E | ૮ |
| ૭. | તારક અતુલભાઇ અમીન | G | ૧૦ |
| ૮. | દેવાંગી દીપકભાઇ ટેલર | G | ૧૦ |
| ૯. | ઋતા યતીનભાઇ કાકા | G | ૭ |
| ૧૦. | શુકન દીપકભાઇ ટેલર | G | ૪ |
| ૧૧. | મોક્ષા આશિષભાઇ જોષી | G | ૨ |
| ૧૨. | મહર્ષિ અશ્વિનભાઇ કાકા | G | ૩ |
| ૧૩. | વૈભવ વિનોદભાઇ કાકા | E | ૨ |
| ૧૪. | નિર્ભય પરેશભાઇ કાકા | નર્સરી | |
| ૧૫. | ખુશાલી નિલેષભાઇ પંડ્યા | G | ૩ |
| ૧૬. | અભિનિતિ સંદીપભાઇ મેરાઇ | E | ૨ |
| ૧૭. | શ્રેયા દિલીપભાઇ ઉપાધ્યાય | G | ૨ |
| ૧૮. | જાનકી પરેશભાઇ કાકા | G | ૨ |
| ૧૯. | ધવલ યતીનભાઇ કાકા | G | ૫ |

**ભાવનગર**

| | | | |
|---|---|---|---|
| ૧. | સુકૃતિ અજયભાઇ જાની | G | ૫ |
| ૨. | કૃપા ભીખાલાલ જાગાણી | G | ૯ |
| ૩. | નિકુંજ રાજેશભાઇ દેસાઇ | G | ૭ |
| ૪. | રવિ દેવેન્દ્રભાઇ વાઘેલા | G | ૮ |
| ૫. | જ્વાલિન નિલેષભાઇ ઓઝા | G | ૭ |
| ૬. | કૃપેશ ભાવેશભાઇ દેસાઇ | G | ૮ |
| ૭. | યશ અશોકભાઇ ઝાલાવાડિયા | G | ૩ |
| ૮. | વૈષ્ણવી આશિષભાઇ ગોહિલ | E | ૩ |
| ૯. | હાર્દિક અશોકભાઇ ઝાલાવાડિયા | E | ૮ |
| ૧૦. | માનસી નિલેષભાઇ ઓઝા | G | ૮ |

**અમદાવાદ**

| | | | |
|---|---|---|---|
| ૧. | ધારા સંજયભાઇ પટેલ | E | ૯ |
| ૨. | દીક્ષા જીજ્ઞેશકુમાર જાની | G | ૬ |
| ૩. | ઝરણી કેતનભાઇ ઠાકર | G | ૪ |
| ૪. | સીમા સંજયભાઇ પટેલ | E | ૮ |
| ૫. | દેવીશા બિપીનભાઇ તન્ના | E | ૮ |
| ૬. | ક્ષમા રમેશકુમાર કોટક | G | ૬ |
| ૭. | ટ્વીન્કલ વનરાજસિંહ વાઘેલા | E | ૨ |
| ૮. | કૃતિકા સંજયભાઇ દેસાઇ | G | ૬ |
| ૯. | અરણ્યા મોહનભાઇ અય્યર | E | ૨ |
| ૧૦. | હની દીલિપભાઇ પટેલ | E | ૪ |
| ૧૧. | તરણી કેતનભાઇ ઠાકર | સીન.કે.જી. | |
| ૧૨. | માનસ સિદ્ધાર્થ પટેલ | E | ૮ |



**સૂરત**

| | | | |
|---|---|---|---|
| ૧. | દિવ્યા રાજદીપભાઇ પટેલ | G | ૬ |
| ૨. | ઋચા ભદ્રેશભાઇ ત્રિવેદી | G | ૭ |
| ૩. | દેવાંશી દીપકભાઇ મહેતા | G | ૬ |
| ૪. | હાર્દિક સંદીપભાઇ જાંબુચા | G | ૪ |
| ૫. | દેવર્ષિ ભદ્રેશભાઇ ત્રિવેદી | G | ૬ |
| ૬. | પવિત્રા દીપકભાઇ મહેતા | G | ૮ |
| ૭. | ગાર્ગી ભદ્રેશભાઇ ત્રિવેદી | G | ૯ |
| ૮. | ફોરમ મુંકુદભાઇ સોરઠિયા | G | ૮ |
| ૯. | પ્રણવ મયૂરભાઇ જાની | E | ૧૦ |
| ૧૦. | તેજસ નરેન્દ્રકુમાર સોરઠિયા | G | ૮ |
| ૧૧. | પાર્થ જતીનભાઇ વસી | G | ૨ |
| ૧૨. | કૃપેશ સંદીપભાઇ જાંબુચા | G | ૨ |
| ૧૩. | શુકન રાજદીપભાઇ પટેલ | G | ૨ |
| ૧૪. | હેરિ અનુપભાઇ દેવાની | E | ૨ |
| ૧૫. | શિવમ્ ધર્મેશકુમાર સોરઠિયા | G | ૧ |

**મોરબી**

| | | | |
|---|---|---|---|
| ૧. | રોહિત રાજુભાઇ રાજપાલ | G | ૫ |
| ૨. | સ્વાતિ નટુભાઇ કડીવાર | G | ૯ |
| ૩. | તેજસ રજનીભાઇ પટેલ | G | ૧૦ |
| ૪. | અભય નટુભાઇ કડીવાલા | G | ૨ |
| ૫. | પૂજા દિનેશભાઇ ગામોર | G | ૮ |
| ૬. | પવિત્રા મનીષભાઇ ભોજાણી | E | ૩ |
| ૭. | અર્જુન બિપીનભાઇ કણસાગરા | G | ૫ |

**રાજકોટ**

| | | | |
|---|---|---|---|
| ૧. | આદ્યા અજયભાઇ કલોલા | G | ૭ |
| ૨. | નિત્યા અજયભાઇ કલોલા | E | ૩ |

**વલસાડ**

| | | | |
|---|---|---|---|
| ૧. | મિહિર અજયભાઇ કોન્ટ્રાક્ટર | E | ૩ |
| ૨. | હર્ષિલ મેહૂલભાઇ કોન્ટ્રાક્ટર | E | ૧ |

**ભરૂચ**

| | | | |
|---|---|---|---|
| ૧. | અવની નિતીનભાઇ ફરસરામી | G | ૫ |
| ૨. | આકાશ નિતીનભાઇ ફરસરામી | G | ૫ |
| ૩. | પૂજા નિતીનભાઇ ફરસરામી | G | ૧૦ |
| ૪. | કૃપેશ કેતનભાઇ ભોજાણી | G | ૯ |
| ૫. | તપન કેતનભાઇ ભોજાણી | G | ૨ |

**નવસારી**

| | | | |
|---|---|---|---|
| ૧. | શુકન ઉમેશભાઇ ભક્ત | E | ૧ |
| ૨. | ઋષભ ઉમેશભાઇ ભક્ત | E | ૪ |
| ૩. | પ્રેરક અશોકભાઇ પુરોહિત | G | ૨ |

**કપૂરા**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રેરક મનોજભાઇ ભક્ત | E | ૩ |
| ૨. | જહાન્વી વિનયભાઇ પાટીલ | G | ૬ |
| ૩. | દર્શક મનોજભાઇ ભક્ત | E | ૬ |

**પાલનપુર**

| | | | |
|---|---|---|---|
| ૧. | લજ્જા કમલેશભાઇ જોષી | G | ૨ |

**મુંબઇ**

| | | | |
|---|---|---|---|
| ૧. | ચિન્મય અનિલભાઇ પંડ્યા | E | ૫ |
| ૨. | સ્તવન દીપેશભાઇ શાહ | E | ૬ |



| | | | |
|---|---|---|---|
| ૩. | વ્રતી યોગેશભાઇ પંડ્યા | નર્સરી | |
| ૪. | ઉદિત દીપકભાઇ પંડ્યા | E | |
| ૫. | પુષ્ટિ વિરેન્દ્રભાઇ શાહ | જૂનિ.કે.જી. | |
| ૬. | કૃપેશ દીપકભાઇ પંડ્યા | E | |

**ઝણોર**

| | | | |
|---|---|---|---|
| ૧. | કિંજલ ગણપતભાઇ પંચાલ | G | ૬ |

**અંબાજી**

| | | | |
|---|---|---|---|
| ૧. | કેયૂર ડાહ્યાભાઇ પટેલ | G | ૮ |
| ૨. | રિતેષ પરેશભાઇ પટેલ | G | ૮ |

**અમરેસર**

| | | | |
|---|---|---|---|
| ૧. | નીપા કિરીટભાઇ વાઘેલા | E | ૬ |
| ૨. | દેવાંગ સંદીપભાઇ દેવાની | G | ૨ |
| ૩. | દેવાંશ સંજયભાઇ પટેલ | | |

○

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# ફૂલવાડી–૨૦૦૪

શ્રી કલ્યાણ

પ્રભુના વહાલાં બાલો તમે તો,
પ્રભુના વહાલાં બાલો.
મધુથી ભરેલાં મ્હાલો, તમે તો,
પ્રભુનાં વહાલાં બાલો.
કોણે પેલું હાસ્ય મીઠડું
હોઠોમાં છે ઢોળ્યું?
દૈવી કોણે તે જ તમારી,
આંખલડીમાં ઘોળ્યું?
જાણે પ્રભુપ્રેમ તણો પ્યાલો,
તમે તો પ્રભુના વહાલાં બાલો.

બાળકો જાણે પ્રભુની ફૂલવાડીનાં ફૂલ! બાળકોના નિર્દોષ હાસ્યપર કોને વારી જવાનું મન ન થાય? પ્રભુએ જાણે દરેક ઘરમાં બાળકરૂપે જન્મ ધારણ કરીને દરેક ઘરને ફૂલવાડી બનાવી દીધું છે. એના નિર્દોષ હાસ્યના કિલકિલાટથી દરેક ઘર ગૂંજી રહ્યું છે. નિર્દોષતા, નિર્મળતા અને સરળતા બાળકના રૂપમાં સહજ સાકાર થાય છે. બાળકો સૌને સંદેશો આપી રહ્યાં છે કે જો પ્રભુના પ્યારા થવું હોય તો અમારા જેવાં નિર્દંભ, નિરાડંબરી, નિર્દોષ અને નમ્ર બનો.

ફૂલવાડીની શિબિર આપણને ભારતની પ્રાચીન ગુરુકુલ પદ્ધતિની યાદ અપાવે છે. પ્રાચીન ભારતમાં જેમ બાળકો ઉપ-વનમાં ગુરુપાસે અધ્યયન કરવા આવતાં ત્યારે તેમને જીવન-



વિદ્યાના વિવિધ વિષયોની તાલીમ આપવામાં આવતી, તેમ અહીં સ્વર્ગારોહણમાં પણ ફૂલવાડીના કાર્યક્રમમાં જીવનના વિવિધ પદાર્થ પાકો શીખવવામાં આવે છે. આધ્યાત્મિક સંસ્કારોની સાથે સાથે સદાચારના સંસ્કારોને દઢ કરાવવામાં આવે છે. પ્રાર્થના, પ્રણામ, શ્લોકો, પાઠ, સંકીર્તન, ભજન-ધૂનની સાથે સાથે બાળકોમાં રહેલા સાહજિક ગુણોને પુષ્ટિ આપવામાં આવે છે. ગીત, સંગીત, વાદન, નૃત્ય, લેખન, વક્તૃત્વ, ચિત્રકળા, શિલ્પકલા, રમતગમત, યોગાસનો, પ્રવાસ, આરોગ્ય વિષે વિવિધ વિષયોની તાલીમ આપવામાં આવે છે. જેથી બાળકોમાં રહેલા સહજ ગુણોની પ્રતિભા ઝળકી ઊઠે છે. આમ બાળકોના સર્વાંગી વિકાસ માટે પૂ. શ્રી માનું આ ફૂલ-વાડીનું આયોજન છે.

ફૂલવાડીના આ કાર્યક્રમના સુંદર પરિણામો આવતાં થયાં છે.

૧. સ્વર્ગારોહણની દૈનિક પ્રાર્થના બધાં જ બાળકોને કંઠસ્થ થઇ ગઇ છે.

૨. આ કાર્યક્રમમાં બાળકો સમયસર વહેલાં ઊઠી જાય છે. કારણ કે સવારના કાર્યક્રમમાં સૌએ સમયસર પહોંચી જવાનું હોય છે. જેથી નિયમિતતાનો ગુણ કેળવાય છે.

૩. બાળકોને સ્વાવલંબનની ટેવ પાડવામાં આવે છે. બાળકા-એ જાતે જ બ્રશ, સ્નાન કરીને વસ્ત્રો જાતે જ પહેરવાનાં હોય છે.

૪. બાળકો પોતાના નખ, દાંત, વાળ, આંખ, જાતે જ સ્વચ્છ રાખતાં શીખે છે. આ માટે તેમને સૂચનો આપવામાં આવે છે.

૫. રમતગમત તેમ જ વ્યાયામમાં બાળકો રસ લેતાં થયા છે.

૬. યોગતીર્થનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરતાં થયાં છે.

૭. સ્વર્ગારોહણની સ્વચ્છતા અને સુઘડતા માટે જાગૃત થતાં જાય છે.

૮. પોતાની જાતે શ્લોક સાથે ભોજન લેતાં થયાં છે.

**ફૂલવાડી નામ શા માટે?**

પૂ. શ્રીએ 'ફૂલવાડી'ના શીર્ષક સાથે એક સુંદર પુસ્તક લખ્યું છે તે 'ફૂલવાડી' મા પૂ. શ્રીએ સુંદર વિચારોના પુષ્પ ચૂંટીને તેનો અર્ક તેમાં ઠાલવીને 'ફૂલવાડી'નાં પરમભાવોને અંજલિ આપવા પૂ. શ્રી માએ આ બાળકોની 'ફૂલવાડી' રચી છે. એ 'ફૂલવાડી' જાણે આ ફૂલવાડીમાં સંજીવની પામી સાકાર બની છે. વિચારોના એ પુષ્પો જાણે બાળપુષ્પો તરીકે પુનરાવતાર પામ્યાં છે. પુસ્તક 'ફૂલવાડી'ના ફૂલ જેવાં બાળકોનાં સંસ્કારોને સુદૃઢ કરવા, વિકસિત કરવા તેમ જ સુવાસિત કરવા પૂ. શ્રી માએ આ ફૂલ-વાડીનો કાર્યક્રમ બાળકો માટે રાખ્યો છે.

બીજો ઉદ્દેશ એ છે કે આ બાળકો પ્રભુની વિશ્વરૂપી ફૂલ-વાડીના પ્યારાં પુષ્પો છે. પુષ્પો જેમ ધરતીની શોભા છે તેમ આ બાળકો એ વિશ્વની ફૂલવાડીની શોભા છે. સંસ્કારી બાળકો વિશ્વરૂપી ફૂલવાડીની શોભા છે. જેટલા બાળકો સંસ્કારી તેટલું વિશ્વ પણ સંસ્કારી! તેથી વિશ્વમાં સંસ્કારની જ્યોત્ પ્રજ્વલિત રાખવા પૂ. શ્રી માએ વિશ્વના એક નાનકડા ખૂણામાં નાનકડી શરૂઆત કરી છે.

ફૂલ હમેશાં કોમળ હોય છે. તેમ બાળકોની બાલ્યાવસ્થા પણ ફૂલ જેવી કોમળ હોય છે. પુષ્પની પાંદડીઓ જેવાં બાળકોના કોમળ મનપર આપણા જેવી સંસ્કારોની છાપ પાડીએ તેવી જ ભાત તેમના અંતરમાં ઉપસી આવે છે. માટે આ વિશ્વના માનવ-સમાજને સંસ્કારિત કરવા માટે પણ બાળકોને સંસ્કારી બનાવવા



ખૂબ જ જરૂરી છે, પૂ. શ્રી મા આવા ઉદ્દેશને ફળીભૂત કરવા પણ આ ફૂલવાડીના કાર્યક્રમોનું આયોજન કરે છે. પૂ. શ્રી માએ માનવસમાજને સંસ્કારી બનાવવા પાયાથી શરૂઆત કરી છે. પાયો જેટલો મજબૂત હશે તેટલી જ ઇમારત બુલંદ ચણી શકાશે. બાળકો માનવ ઇમારતનો પાયો છે. આ કાર્યક્રમ મારફત પૂ. શ્રી મા માનવગૌરવનું એવરેસ્ટ શિખર સર કરવાની હોંશ ધરાવે છે. એ ત્યારે જ શક્ય બનશે જ્યારે એ પાયો સંસ્કારોથી સુદૃઢ હશે.

'ફૂલવાડી'દ્વારા પૂ. શ્રી માએ ફૂલવાડીના ફૂલોને વધુને વધુ ફોરમવંતા બનાવી રહ્યાં છે.

બાળકોના આ ફૂલવાડીના કાર્યક્રમ પાછળ શ્રી સિદ્ધાર્થભાઇ અને વિનોદિનીબેનનો પુરુષાર્થ અને ભોગ દાદ માગી લે તેવો છે. બાળકોના શિક્ષકોએ પણ એટલો જ પરિશ્રમ કર્યો છે.

પૂ. શ્રી મા તો બાળકોની નિર્દોષતામાં પ્રભુનું દર્શન કરે છે એ નિર્દોષતામાં રાચવાનું માને ખૂબ ગમે છે.

આંખમહીં તો પ્રભુજી રમતાં, હૈયામાંથી બોલે,
સુવાસ પામી સરસ તમારી, પૃથ્વી હરખે ડોલે,
ફૂલો તેમ સદાયે ફાલો—તમે તો પ્રભુના વહાલાં બાલો.

# ફૂલવાડીનો વિસ્તૃત અહેવાલ

મયૂરી ટેલર

ફૂલવાડી એટલે બાળકોનો કાર્યક્રમ. જેમાં બધું જ બાળકો માટે હોય અને આ કાર્યક્રમની બાળકો કેટલાય સમયથી જાણે રાહ જોતાં હોય છે! કારણ કે ફૂલવાડીના કાર્યક્રમમાં દરેક બાળક સ્વતંત્ર હોય છે, સ્વતંત્ર રીતે પોતાનું કામ પોતે કરે છે. ભોજન કે સત્સંગ કે સૂવાનું દરેક પ્રોગ્રામમાં પોતાની (મમ્મી–પપ્પા વગર જ) રીતે જ વર્તવાનું હોય છે. અહીં બાળકના વર્તન ઉપરથી જાણે મા–બાપના સંસ્કારોની ઝાંખી થતી હોય છે. બાળક સ્વતંત્ર રીતે કોઈની પણ રોકટોક વગર મુક્ત રીતે રમી શકે, વિહરી શકે, કાર્યક્રમમાં ભાગ લઈ શકે અને પોતાની અંદર છૂપાયેલી શક્તિને વિકસાવવાનો પણ અહીં પૂરેપૂરો અવકાશ મળી રહે છે. જો કે આ બધાની પાછળ મુખ્ય તો મા જ છે. મા વગર આ કાર્યક્રમ શક્ય નથી. બધા જ બાળકો ફૂલવાડીમાં માનો પ્રેમ પ્રાપ્ત કરવા આવે છે. દરેક બાળકને મા પોતાના જ લાગે છે. માનો બાળસહજ સ્વભાવ તો આપણે સૌ જાણીએ જ છીએ. મા જ્યારે બાળકો સાથે રમતાં હોય, રમતની વાતો કરતાં હોય ત્યારે આપણને ખબર ન પડે કે આમાંથી બાળક કોણ છે, ને મા કોણ છે?

પૂ. મા સૂક્ષ્મ રીતે તો બાળકોનો ખૂબ વિકાસ કરવા માંગે છે, માટે ખૂબ જ પ્રોત્સાહન પણ પૂરું પાડે છે. ''આજનો બાળક આવતી કાલનું ભવિષ્ય છે.'' પૂ. મા તે માટે પૂરેપૂરી મહેનત કરી રહ્યાં છે. બાળકો માટે મા શું કરે કે જેથી બાળક



ખુશ રહે? બાળક આગળ આવે, એનું સતત પૂ. મા ધ્યાન રાખે છે.

**શરૂઆત**

ફૂલવાડીના કાર્યક્રમની શરૂઆત તો ૧૪ મી નવેમ્બરથી થઈ હતી. તો આગલા દિવસે જ પૂ. માએ સૌને કહ્યું કે આવતીકાલથી ફૂલવાડી, બધા જ બાળકોનું આવતીકાલથી સ્વર્ગારોહણમાં સામ્રાજ્ય સ્થપાશે. બાળકોને કોઈ મોટા વિક્ષેપ-રૂપ ના બને, તેની સંભાળ સૌ રાખજો.

૧૪ મી તારીખે સવારથી જ સૌ બાળકોના ઉતારા માટે રૂમો ખાલી કરાવવામાં આવે છે, જેથી બાળકો સ્વતંત્ર રીતે આરામપૂર્વક રહી શકે. બાળકોની ઉંમર પ્રમાણે રૂમોની વહેંચણી થાય છે. ચાલો, આપણે સૌ પણ આ ફૂલવાડીના કાર્યક્રમમાં જોડાઈએ.

**પ્રારંભ**

શ્રી સિદ્ધાર્થભાઈ અને વિનોદીનીબેનના માર્ગદર્શન હેઠળ આ ફૂલવાડીનો કાર્યક્રમ શરૂ થાય છે.

**તારીખ ૧૪–૧૧–૨૦૦૪ (આજે બાળદિન છે ૧૪ નવેમ્બર)**

આજે સવારે ૮–૩૦ વાગ્યે પ્રભાતવંદના. આજે સૌ કુટિયા ઉપર નવી ધજા ચઢાવરાવે છે. સૌ ભક્તો કુટિયા આગળ જ ઊભા છે. ૐ યોગેશ્વરાય નમઃ ના મંત્રોચ્ચાર સાથે ધજા ચઢાવાય છે. ત્યારબાદ સૌ પ્રણામ કરવા પ્રાર્થના હોલમાં ''યોગ શૈવલ્યમ્''માં જાય છે. બાળકો પોતાની રીતે જેટલા થાય તેટલા પ્રણામ કરીને બેસી જાય છે. ત્યારબાદ નિત્ય પ્રાર્થના ''અમોને જ્ઞાન દેનારા, એવી બુદ્ધિ દો અમને, વરદ હસ્ત પ્રભુ તમારો'' મંત્રગાન, આરતી.. વગેરેથી સવારની

બેઠક પૂર્ણ થાય છે. આ બેઠક બાદ સૌ પ્રથમ બાળકોને દૂધ–નાસ્તો આપવામાં આવે છે. ત્યારબાદ સિદ્ધાર્થભાઈનો જન્મદિવસ છે તેથી જન્મદિવસની પ્રાર્થના સમૂહમાં બોલાય છે. પૂ. મા તેમને આશીર્વચનો પણ લખી આપે છે.

**યોગતીર્થનું અવલોકન**

આજની સવારની બેઠકમાં બાળકોને યોગતીર્થનું દર્શન–અવલોકન કરવા માટે લઇ જવામાં આવે છે, જેમાં દરેક બાળક પોતાની રીતે અવલોકન કરે અને યાદ રાખવાનું કે કઇ સ્મૃતિ ક્યાં છે? તેનું નામ શું છે? વગેરે... નાના બાળકોને થોડી સમજ આપવામાં આવે છે. બાળકોને કાંઇ સમજ ન પડે તો શિક્ષકોને પ્રશ્ન પણ પૂછી શકે છે, ત્યારબાદ સ્વર્ગારોહણનું અવલોકન પણ કર્યું. જેમ કે કુટિયા ક્યાં છે? તે કુટિયામાં કયાં કયાં સ્વરૂપો છે? સ્વર્ગારોહણની ઓફિસ ક્યાં છે? સ્વર્ગારોહણમા પૂ. માના નિવાસસ્થાનનું નામ શું છે? વગેરે...

**પ્રવૃત્તિ**

આજથી પ્રારંભ પામતા આ ફૂલવાડના કાર્યક્રમમાં બપોરનું ભોજન સૌ પ્રથમ બાળકોને આપવામાં આવે છે. બપોર પછી ક્રાફ્ટ. જેમાં નાના નાના રંગીન દાણાઓ ઉપર રંગીન કાગળ વીંટવાનું હોય છે. અને સહેજ મોટા બાળકોને મીણબત્તી બનાવતાં શીખવે છે. જેમાં બજારમાં મળતી મીણને ગરમ કરી એક બીબામાં (ડબ્બી જેવું એક નાનું વાસણ) રેડવામાં આવે છે. તે ગરમ કરેલા મીણમાં રંગ નાંખવામાં આવે છે, જેથી તે ગરમ મીણમાં પીગળીને ભળી જાય છે, તેથી તે રંગની મીણબત્તી તૈયાર થાય છે, તેની અંદર તેના માપનો જાડો દોરો મૂકવાનો હોય છે. એક દિવસ પછી તે મીણ ઠરી જતાં સરસ



આકારની મીણબત્તી તૈયાર થઇ જાય છે. બાળકો આ જોઇ ખુશ થાય છે.

**સાંજે ૮.૩૦ સત્સંગ**

આજે સવારે નાના બાળકોએ પણ યોગતીર્થનું સ્વર્ગારોહણનું અવલોકન કર્યું હતું તો તેના વિષે નાનાં નાનાં બાળકોને પ્રશ્નો પૂછવામાં આવે છે. નાનાં બાળકો તેના સરસ રીતે જવાબ આપે છે. પૂ. મા તેથી ખુશ થાય છે.

અભિનીતિ (વડોદરા) મોરનું સુંદર નૃત્ય રજૂ કરે છે, જેમાં શરીરનો વળાંક મ્યુઝિક પ્રમાણે ખૂબ સુંદર મોડ આપે છે. આ નૃત્યમાં ખરેખર બાળકની કળાનાં દર્શન થાય છે. તેણે મોર જેવો સુંદર પોશાક પહેર્યો છે. પૂ. મા આ કૃતિથી ખૂબ જ પ્રસન્ન છે.

અમદાવાદની એક નાનકડી બાળા હની ભિખારીનું પાત્ર આબેહૂબ રજૂ કરે છે તેની બોલવાની ઢબ જ એવી છે કે સૌના મુખ પર હાસ્ય છવાઇ જાય છે અને એમ લાગે છે કે હની મન મૂકીને તે પાત્રને ન્યાય આપે છે. આજના આધુનિક યુગમાં આ પાત્ર અભિનયમાં જાણે પીઝા, પાઉંભાજીની માગણીદ્વારા વધેલા વપરાશ ઉપર આડકતરો કટાક્ષ છે.

કૃપેશ (ભાવનગર) ગણિતની ગણતરીના પ્રયોગ દ્વારા ચિત્ર બતાવીને તેનો પ્રયોગ કરી બતાવે છે. બાળકોની બુદ્ધિ ખીલે તેવો એક પ્રયોગ કહી સંભળાવે છે.

નાના બાળકોનું દેશભક્તિનું ગીત–કૂચ કરતાં ચાલ્યા જાય, નાના નાના બાળ...

નિત્યા અને વૈષ્ણવી આસનો બતાવે છે.–પશ્ચિમોતાનાસન, સર્વાંગાસન.

છોકરીઓ રાસ કરે છે.—રાધા ને કૃષ્ણ આજ સંગે રમે રાસ...

ખૂબ સરસ રાસ—ખૂબ ઝડપી સ્ટેપવાળો રાસ હતો તો પૂ. માને ખૂબ ગમ્યો, તો માએ કહ્યું બીજીવાર તો છોકરીઓ ફરી રાસ રમે છે.

મા કહે, "આ બાળકોને આજે હસતાં—નાચતાં જોઇને અમને વિશેષ આનંદ થાય છે. સ્વર્ગારોહણ શોકને પણ ભૂલાવે છે. તેની આ પ્રતીતિ છે."

પૂજા અને શ્રદ્ધાની વિશેષ મુક્ત કળા છે. રોજ ગરબા કરજો.

આ રીતે પૂ. મા સૌને ખૂબ પ્રોત્સાહન આપે છે. ફટાકડાની વાત નીકળતાં પૂ. મા કહે આ ધુમાડા યજ્ઞ છે કે ખાંસી યજ્ઞ? ફૂલવાડીનાં નાનાં મોટાં સૌ બાળકો અને સ્વર્ગારોહણના નાનાં મોટાં સૌની પણ દિવાળી છે, તો કંટાળીને સૂઇ ના જતા અને બધાએ જ ફટાકડા ફોડવાના છે.

નાના મોટા સૌ બાળકો સાથે ફટાકડાનો આનંદ માણે છે.

આમ પ્રથમ દિન પૂરો થાય છે.

**તા. ૧૫–૧૧–૨૦૦૪ [ બીજો દિવસ ]**

સવારે ૮.૩૦ પ્રભાતવંદના, પ્રણામ, પ્રાર્થના, મંત્રગાન, દૂધ, નાસ્તા બાદ લેખિત પરીક્ષા. યોગતીર્થના પ્રશ્નો. નાના બાળકોને મોઢે પ્રશ્નો પૂછ્યા, થોડા મોટા બાળકોને વિષય આપ્યો હતો કે "યોગતીર્થ જોયું અને માણ્યું" સ્વર્ગારોહણ જોયું ને માણ્યું.

બપોરે ક્રાફ્ટ—ગઇકાલે જે દાણા રંગીન પેપરમાં વીંટ્યા હતા તે એક ફૂલ દોરેલું હતું, તેમાં ચોંટાડ્યા. દરેક પાસે



એકસરખી જ ડીઝાઇન હતી અને એક સરખા કલરના જ બનાવવાના હતા.

સવારે ૧૦—૦૦ કલાકે ડો. મેનાબેન બાળકોને દાંત વિશેની સમજ પૂરી પાડે છે. દૂધિયા દાંત ક્યારે જાય, દાંતની સંભાળ કેવી રીતે રાખવી, વગેરે સમજાવે છે. મીઠું દાંત ઉપર ઘસવું નહિ પણ, મીઠાના પાણીના કોગળા કરવા. બ્રશ કરવાની રીત પણ બતાવે છે. દરરોજ બે વાર બ્રશ કરવું જ જોઇએ. સવારે ઊઠીને અને રાત્રે સૂતા પહેલાં. ઉપરાંત કોઇ પણ ખોરાક ખાઇએ ત્યારપછી કોગળા અવશ્ય કરવા. બાળકોએ પણ સામે થોડા પ્રશ્નો પૂછ્યા. ત્યારબાદ મેનાબેન દરેક બાળકના દાંત તપાસે છે.

ક્રાફ્ટના સમયમાં પૂ. મા પધારે છે. સૌને આવું બનાવતા જોઇને પૂ. મા ખુશ થાય છે. એક નાનાં બાળકને મા પૂછે છે તારું નામ શું છે? હર્ષિલ. મા તેને પૂછે છે કે માને શીખ-વાડીશ? (હા) વળી એક ગ્રૂપમાં આવીને પૂ. મા જાતે જ તે દાણા ચોંટાડે છે. બધા બાળકો પૂ. મા આવ્યાં એટલે ખૂબ આનંદમાં આવીને દરેક જણ માને પોતાનું કામ બતાવવા જાય છે. તેમાં અમુક બાળકે તો દાણાની મૂછ બનાવી હતી, કોઇએ દાઢી, કોઇએ ચાંદલો વગેરે... પૂ. મા તે જોઇને ખડખડાટ હસી પડે છે. વળી આજે અવરગંડીનાં રંગીન ફૂલો પણ બનાવવામાં આવે છે, ભોજન બાદ ક્રિકેટ.

**ક્રિકેટની રમત**

સ્વર્ગારોહણથી થોડે દૂર અંબાજીની કોલેજ છે. ત્યાંના મેદાનમાં સૌ બાળકોને ક્રિકેટ મેચ રમવા લઇ જવામાં આવે છે.

દરેક બાળક ખુશ છે. ટીમ પાડીને ક્રિકેટની રમત શરૂ થાય છે. પૂ. મા પણ પધારે છે. અને ત્યારબાદ તો આજે સ્વર્ગારોહણની દરેક વ્યક્તિ બાળકો, યુવાનો, મોટી ઉંમરના ભાઇઓ, બહેનો, છોકરીઓ સૌ આ રમતમાં ભાગ લે છે. સૌ આનંદ માણે છે. પૂ. માનું સાન્નિધ્ય તો છે જ. વળી વિજયભાઇ કલોલા જેવા ક્રિકેટની કોમેન્ટ્રી પણ આપી રહ્યાં છે. શ્રી રાજુભાઇ જાની અને અજયભાઇ જાની એમ્પાયરીંગ કરે છે.

**સાંસ્કૃતિક કાર્યક્રમ**

બે નાના બાળકો પુષ્ટી અને વ્રતી નાનકડું ગીત ગાય છે.–Twinkle Twinkle litter star,

દીપ ડાન્સ–દીવડા સાથે આરતી ૬ છોકરીઓ કરે છે.

હિન્દી દેશભક્તિનું નાટક–જેનું શીર્ષક હતું. ''**क्यों**''

નાના બાળકોનું ગીત–ટ્રીન...ટ્રીન...હરિ ૐ. કોનું કામ છે? મમ્મીનું? પપ્પાનું? બેનનું?

આકાશ આસનો રજૂ કરે છે. જેમાં સર્વાંગાસન, ચક્રાસન, હલાસન, પશ્ચિમોતાનાસન, પૂર્ણધનુરાસન.

દેશભક્તિનું ગીત–આગળ ડગલું ભરતો જા.

કપૂરાની જહાનવી હારમોનીયમ ઉપર રાગ ભૂપાલી ગાય છે.

નમન કર ચતુર શ્રી ગુરુચરણ.

અવની–પણ હારમોનીયમ ઉપર ધૂન ગાય છે.

રવિ વાઘેલા સુવાક્યો રજૂ કરે છે.

આળસ એ જીવતા મનુષ્યની કબર છે.

જગતમાં સૌથી મોટો અધિકાર સેવા ને ત્યાગથી પ્રાપ્ત થાય છે.

કલા એ સત્યનો શૃંગાર છે.



ક્રોધ મૂર્ખતામાં શરૂ થાય છે અને પશ્ચાતાપમાં પરિણમે છે.

ક્ષમા આપશો તો ક્ષમા પામશો.

ક્ષમા હૃદયનો ધર્મ છે.

સાચી ખુશી આપવામાં છે, લેવા તથા માંગવામાં નથી.

જેની પાસે ફક્ત પૈસા જ છે તે મનુષ્ય કરતાં વધારે ગરીબ કોઇ નથી.

નાટક–રાસ્તે કા પથ્થર. (વાર્તા ઉપરથી)

ઝાલાવાડીયા હાર્દિક તબલા,

કૃપેશ–વિજ્ઞાનના પ્રયોગ–ગણિતની ગણતરીનું ઉખાણું અને નાના બાળાઓ–હે શારદે મા, હે શારદે મા...રજૂ કરે છે.

યુવાનોનું નાટક–પૂ. શ્રીનું જેમાં પ્રશ્નોત્તરી, પ્રભુનું પાત્ર અશ્વિનભાઇ કાકા(વડોદરા)એ સુંદર રીતે ભજવ્યું તો મા કહે સૌથી મોટું ઇનામ પ્રભુને. આ નાટકની શરૂઆત ધૂનથી અને પૂર્ણાહુતિ પણ ધૂનથી થાય છે.

સુકૃતિ બે ભજન ગાય છે.–''કોઇ પ્રકાશને ઝીલો.''

**તા. ૧૬–૧૧–૦૪, ત્રીજો દિવસ**

સવારે ૮.૩૦ પ્રભાતવંદના, પ્રણામ, નિત્યપ્રાર્થના, આરતી, મંત્રગાન. આજે બ્લડ ડોનેશન કેમ્પ હોવાથી ફૂલવાડીનો કાર્યક્રમ કુટિયા પાસે થાય છે. દૂધ–નાસ્તા બાદ આજે સિદ્ધાર્થભાઇ ભોજન વિશેની સરસ વાતો કરે છે. જેમાં તેમણે મેંદો કેવી રીતે બને છે, તે સમજાવ્યું. બ્રેડ કેવી રીતે બને છે? બહાર હોટલોમાં વપરાતી વસ્તુઓ ક્યાંથી ને કેવી રીતે આવે છે, મેંદાની બનાવટની વસ્તુઓ શરીરને કેટલું નુકસાન કરે છે? પીઝા, પાઉંભાજી, પાણીપૂરી વગેરેની બનાવટમાં ગંદકી, વગેરે સમજાવ્યું.

ખરેખર આ બધી વસ્તુઓ એટલી ગંદી રીતે બનાવવામાં આવે છે કે આપણે બનાવતાં જોઇએ તો ખાવાનું મન ન થાય. ઇડલી—ઢોંસામાં આવતો આથો ગટરનાં ઢાંકણાની નીચે મૂકવા-થી જલ્દી આવે છે એવી વાત પણ તેઓએ કહી.

મોટાભાગના બાળકોએ ૩૧ ડિસેમ્બર ૨૦૦૪ સુધી ટી. વી. નહિ જોવાનો, દરરોજ ૧૨ પ્રણામ અને બહારનું નહિ ખાવાનો નિયમ લીધો. નાના બાળકોને (એક જાતની માટી-માંથી) માટીમાંથી નાના ગણપતિ બનાવતા શીખવાડ્યું.

ત્યારબાદ થોડું સામાન્ય જ્ઞાન—રોજબરોજના વ્યવહારમાં વપરાતા સાચા ઇંગ્લીશ શબ્દોની સમજ આપી.

બધી ડીગ્રીઓનું ફુલ ફોર્મ જેમ કે—M.D.–Doctor of Medicine, M. B. B. S., B. Com., B. E., Phd., G. P. O., M. P., LL. B....

આજે બ્લડ ડોનેશન કેમ્પ છે, તો તેના દર્શને પણ બાળકોને લઇ જવામાં આવે છે. સૌ જુએ છે, નવી સમજૂતિ પામે છે. એક નાનકડો બાળક આદિત્ય આ જોઇને પોતાનું લોહી આપવા તૈયાર થાય છે, જીદ પકડે છે તો પૂ. મા જાહેરમાં તેને સન્માન આપે છે અને કવરમાં પૈસા મૂકીને આપે છે. આ રીતે બાળકની સારી ભાવનાની કદર પૂ. મા કરે છે.

બપોરની ૪—૦૦ની બેઠકમાં ‘‘પોયણું પાંગર્યું’’—પૂ. માની શૈશવ કથાની સમજૂતી આપવામાં આવે છે. તેની પરીક્ષા લેવાય છે.

સાંજે ૮.૩૦ સત્સંગ

સૌ પ્રથમ અરણ્યા (અમદાવાદ) કથક નૃત્ય કરે છે.



Speech well નાટક વેદ, માનસ, તારક, કૃપેશ રજૂ કરે છે.

ગરબો—રાધા ગોવાલડી—દિશા ગાય છે અને બીજી બાળા-ઓ ગરબો ઝીલે છે.

મોક્ષા—યશોમતી મૈયાનું નૃત્ય કરે છે.

ગરબો—મોટી છોકરીઓ—વા વાયા ને વાદળ ઉમટ્યાં.

ગાંધીજીનું નાટક—ગાંધીજી રેંટિયો કાંતતા હતા. પહેરણ કેમ નથી પહેરતા? તેના જવાબમાં ગાંધીજી કહે જો હું પહેરું તો આખા દેશને આપવું પડશે.

દેશસેવા કરવા માટેનું સૂચન—ઘઉં સાફ કરવા એ કાંઇ નાનું કામ નથી.

નાટક—નોકરાણી ગંગાની ધમાલ (હાસ્ય નાટિકા)

બોધ—પોતાનું કામ પોતે કરવું.

**તા. ૧૭—૧૧—૦૪, ચોથો દિવસ**

સવારે ૮.૩૦ પ્રભાતવંદના, પ્રણામ, પ્રાર્થના, દૂધ, નાસ્તા બાદ ‘‘પોયણું પાંગર્યું’’ પુસ્તકમાંથી પ્રશ્નોત્તરી. (પરીક્ષા) મોટા બાળકોને મા વિષે ‘‘પોયણું પાંગર્યું’’માંથી જે કાંઇ યાદ રહ્યું તે વિષે નોંધ લખવાની હતી. ત્યારબાદ (૧) ‘‘મેમરી ગેમ’’ જેમાં એક આંકડો ગુજરાતીમાં અને એક આંકડો ઇંગ્લીશમાં બોલવાનો. જેમ કે એક ટુ, ત્રણ, ફોર... (૨) એક ચાદરમાં આશરે ૨૬—૨૭ વસ્તુઓ જેમ કે કેસેટ, પુસ્તક, દોરી...વગેરે મૂકી તે બે મિનિટમાં જોઇને યાદ રાખવાની કે કેટલી વસ્તુઓ જોઇ અને ત્યારબાદ તે યાદ કરીને તેનાં નામ લખવાં. આ રમત દરમ્યાન નાના—નાના બાળકોએ કાગળની ટોપી

બનાવી. જુદી જુદી જાતની.

સંગીત ખુરશીની રમત.

લખોટીની રમત—જેમાં એક હાથમાં નાની ઘંટડી અને બીજા હાથથી એક એક લખોટી એક તપેલીમાંથી બીજી તપેલી-માં મૂકવાની. બંને કામ સાથે જ થવાં જોઈએ.

સાંજે ૫.૩૦ ગ્રૂપ ફોટો—ફૂલવાડીના બાળકોનો. ત્યારબાદ દરેક સાધક ભાઈઓનો—સાધક બહેનોનો પૂ. મા સાથે ગ્રૂપ ફોટો લીધો.

સાંજે ૮.૩૦ સત્સંગ.

English Speech—ફૂલવાડી વિષે ૪ બાળકો રજૂ કરે છે.

સંસ્કૃતમાં શ્લોકો ગવાય છે.

દિશા—"ફૂલવાડીનું" પ્રભુનું બાળ ગીત ગાય છે.

સૌને સમૂહમાં સિદ્ધાર્થભાઈ બોલાવે છે કે "અમે માની ફૂલ-વાડીના નાનાં બાળકો આજે અમે તમને કહીએ એક વાત."—

અમે નાનાં બાળકો મોટાં થઈને માએ શરૂ કરેલી અન્ન-વિતરણની પ્રવૃત્તિને આગળ ધપાવીશું.

વસ્ત્રવિતરણની પ્રવૃત્તિને આગળ ધપાવીશું.

ડોક્ટર બનીને સ્વર્ગારોહણમાં સર્વરોગ નિદાન કેમ્પ કરીશું.

અમે માનાં તંદુરસ્ત બાળકો મોટાં થઈને બ્લડ ડોનેશન કેમ્પ કરીશું.

માએ લખેલા પુસ્તકોને પ્રસિદ્ધ કરીશું. અમે સ્વર્ગારોહણને એક યાત્રાધામ બનાવીશું.

પૂ. મા ખૂબ તાલીઓથી વધાવે છે.

પૂ. મા કહે સૌથી નાના બાળકો ઊભા થાય.



નારાયણ કાકા (પૂ. મા આંગળી ચીંધે છે.)

નારાયણ કાકા કહે—આ બાળકોની ઈર્ષા આવે છે હું પણ જો અત્યારે બાળક હોત તો પૂ. માદ્વારા થયેલ બાળકોની લાડકોડથી પ્રોત્સાહિત થયો હોત.

પ્રભુએ પોતાની પ્રવૃત્તિ માને નિમિત્ત બનાવીને કરી છે. તે કામ ૧૫—૨૦ વર્ષ પછી તમારે જ (બાળકોએ) કરવાનું છે. આ સ્વર્ગારોહણને તમે જ દીપાવશો.

બાળકો પૂ. માને પ્રશ્નો પૂછે છે.

પ્રશ્ન : પૂ. મા અમને ભૂલી ન જાય તે માટે અમારે શું કરવું?

પૂ. મા : (ઈશારાથી) પ્રણામ.

પ્રશ્ન : અમારી મમ્મી ટી. વી. જુએ અને હોટલમાં લઈ જાય તો શું કરવું?

પૂ. મા : તો તારા પપ્પા ને તું બંને સત્યાગ્રહ કરીને મમ્મીને સમજાવજો.

પ્રશ્ન : મારા મમ્મી—પપ્પા કાયમ અમને અહીં લાવે તે માટે શું કરીએ?

પૂ. મા : વર્ષના કેટલા દિવસ છે? ૩૬૫. તો યાદ રાખો ૩૬૫ માંથી ૩૬૪ દિવસ તમારે મમ્મીનું કહેલું બધું જ કરવાનું, તો ૩૬૫ મા દિવસે તમે સ્વર્ગારોહણમાં હશો.

પ્રશ્ન : મા, તમે અમને બીજી ફૂલવાડીમાં ક્યારે બોલાવશો?

પૂ. મા : પરમ દિવસે, સવારથી.

પ્રશ્ન : અન્ન વિતરણ, વસ્ત્ર વિતરણ, મેડિકલ કેમ્પ, છાશ વિતરણ, જેવા કાર્યક્રમમાં અમે શું સેવા આપીએ.

પૂ. મા : મેડિકલમાં દર્દીને ડોક્ટર સુધી પહોંચાડવાનું કામ. છાશ વિતરણમાં ગ્લાસ સાફ કરીને તમારે ગોઠવવાના. વસ્ત્ર વિતરણમાં દરેક વિદ્યાર્થીને તમારે ચોકલેટ અને બિસ્કીટ પ્રસાદમાં આપવા.

પ્રસાદી–પૂ. મા તરફથી દરેક બાળકને ૨ નોટબુક, ૧ નોટ ૐ મા લખવાની, ચોકલેટ.

પવિત્રા ભોજાણીના હસ્તે ઘડિયાળ (ભોજાણી)

હર્ષલ–મિહિર તરફથી પેન (વલસાડ)

શિવાની (મુંબઇ) તરફથી મોટા બાળકોને કંપાસ.

નાના–મોટા સૌ બાળકોને રબર, પેન્સિલ.

અનાજ વિતરણમાં આવનાર સૌ વૃદ્ધોને શ્રીરામ જય રામ જય જય રામ..ની ધૂન ગવડાવરાવી.

ત્યારબાદ પોયણું પાંગર્યું અને યોગતીર્થના પ્રશ્નો પૂછાયા.

પછી પૂ. મા તમને કેમ ગમે છે? એ પ્રશ્નનો ઉત્તર ૧ વાક્યમાં.

બધાએ જે જવાબ આપ્યા તે આવા હતા.

- અમે માને ગમીએ છીએ માટે.
- મા બધાને આશીર્વાદ આપે છે.
- અમારા કાર્યોમાં પ્રોત્સાહન આપે છે.
- અમને આગળ જવા સક્ષમ બનાવે છે.
- મા અમને મદદ કરે છે.
- મા અમને શિસ્તમાં રહેવાનું શીખવાડે છે.
- મા અમને બુદ્ધિ આપે છે.
- મા અમારું બહુ ધ્યાન રાખે છે.



- મા સારા સંસ્કારો આપે છે.
- નીડર બનાવે છે.
- મોટાની સંભાળ લેતા શીખવાડે છે.
- મા અમને પ્રણામ કરવાનું કહે છે.

**પૂ. મા બાળકોને પ્રશ્ન પૂછે છે.**

- કોને કોને ફરી ફૂલવાડીમાં આવવું છે?
- જેને જેને ભાગ લેવો હોય, તેમના માટે થોડી શરતો છે.
- ઘરે જઇને કોણ કોણ પ્રણામ કરશે?
- ઓછામાં ઓછા પાંચ તો ખરા જ.
- કોને આખી બાવની આવડે છે? કોણ કોણ ઘરે ગાય છે? (૭–૮ લીટી માની બાવની ગવડાવે છે)
- આવતા વર્ષે જે ફૂલવાડીમાં દાખલ થશે તેની એક પરીક્ષા. જેને આખી બાવની આવડતી હશે તેને જ (એન્ટ્રી) દાખલ થવા મળશે.

વાલીઓને પૂ. માની આખરી શીખ

પૂ. મા કહે : માતાઓ જરા વધુ જાગૃત થઇને બાળકોને ફૂલવાડીમાં લાવે.

- સુકૃતિ અને દિશા અમારા સ્વર્ગારોહણના દરબારના બે રત્નો છે.
- એમને બધી જ વસ્તુઓ મોઢે છે, અને બંનેને બાવની, પ્રાર્થના મોઢે છે.
- બંને નિયમિત પ્રણામ કરે છે.
- બંને ખૂબ સારું ભણે છે.
- બંને સરસ રીતે સંગીત પણ જાણે છે.

● એ બાળકો અમારા દરેક પ્રસંગે હાજર જ હોય છે.

● બધા પ્રોગ્રામમાં આવતા હોય એવા કેટલા બાળકો છે? (વેકેશનમાં, શનિ–રવિ?)

● જેઓ નિયમિત આવે છે એનો અર્થ એવો થયો કે સંસ્કાર લેવા આવે છે.

● આ બધા બાળકોના માતા–પિતા છે તેમને વિશેષ અભિનંદન.

● આ રીતે આવતા રહેજો.

કોઈ પણ સ્થાનને સાધુ પુરુષો જ પવિત્ર બનાવે છે અને પછી તે પવિત્રતા બીજા લોકોને પવિત્ર કરે છે. જો એ સ્થાનોમાં ફક્ત સામાન્ય માણસો જ રહેતાં હોય અથવા અપવિત્ર માણસો જ જતાં હોય, તો એ જગ્યાઓ પણ બીજી અપવિત્ર જગ્યાઓ જેવી જ બની જાય છે. – યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઈલ : ૩૧૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# ફૂલવાડી–મારી નજરે

**દર્શના ત્રિવેદી**

ફૂલવાડી નામ શા ઉપરથી પાડ્યું?

આપણને સહજ રીતે પ્રશ્ન થાય, નાના બાળકોનાં આ કાર્યક્રમને ફૂલવાડી નામ શા માટે?

પૂ. શ્રીના સાહિત્યમાં ‘ફૂલવાડી’નામનો એક વાર્તાસંગ્રહ છે.

અંતરના ઉપવનમાં ઊઠતા ભાવો અને વિચારો એ વિવિધ-રંગી ફૂલો જેવા જ છે ને!–તેનો એ સંગ્રહ છે. તેમાં પ્રભુના ભાવો અને વિચારો પ્રમાણેના આત્માનુભવને વાર્તારૂપે, સંવાદ-રૂપે પ્રકટ કરવામાં આવેલ છે.

કેટલાક સાહિત્ય સર્જકો પ્રભુના ‘ફૂલવાડી’ ગદ્ય સાહિત્યની શૈલી ખલીલ જીબ્રાન જેવી છે, એમ કહે છે. ભલે, ખલીલ જીબ્રાન જેવી એ શૈલી લાગતી પણ એમાં દર્શાવેલ અનુભૂતિઓ તો સ્વયં પ્રભુની જ છે. નાનપણથી પ્રભુને સાહિત્ય સર્જનની ટેવ હતી. સર્જન બાદ પ્રભુને શાંતિ મળતી.

આ ફૂલવાડીનાં ફૂલ માનવજીવનમાં પ્રેમ મીઠી સુવાસ–સુગંધ, પમરાટ અને શાંતિ ફેલાવે છે. જીવન વિકાસના મૂળ-તત્ત્વો છે.

પૂ. શ્રી મા બાળકોનાં જીવનવિકાસ માટે જે કાર્યક્રમ રાખે છે, તેનો મૂળ હેતુ બાળકના ભાવો અને વિચારોનું ઘડતર કરી વિકાસ કરવો એ છે. આથી આ કાર્યક્રમનું નામ ફૂલવાડી રાખવામાં આવ્યું છે.

## પૂ. શ્રી અને પૂ. માની ફૂલવાડી—૨૦૦૪

### 'મા'શબ્દના બે અર્થ થાય છે.

૧. પ્રમાતા : પ્રમાણિત માતા. જે જન્મ આપે છે તે જન્મદાત્રી મા.

૨. નિર્માતા : બીજી માતા નિર્માતા છે. તે શિશુની અંતઃચેતનાને તથા બાહ્ય વ્યક્તિત્વને આકાર આપે છે.

બાળકોનો સર્વાંગી વિકાસ થાય, બાળકોનો વિકાસ આકાશની ઊંચાઈને પણ આંબી જાય, એટલા માટે પૂ. શ્રી મા સર્વેશ્વરી ફૂલવાડીનું આયોજન કરે છે, નિર્માતા બનીને!

નિસર્ગમાં લગભગ બધે જ ત્રણ અવસ્થા જોવા મળે છે. એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતર પામી સજીવ પોતાનો વિકાસ સાધતું હોય છે.

દા. ત. : બીજ, ફૂલ, ફળ.

માનવ : બાળક, યુવાન, વૃદ્ધ.

પ્રકૃતિ એક પ્રકારના સંતુલનમાં રહે છે. તેનો વિકાસ ચોક્કસ અને ક્રમિક હોય છે. આપણને જાણીને નવાઈ લાગશે કે કુદરત અને માનવજીવન વચ્ચે કેટલી સુસંવાદિતા છે!

મનુષ્ય શરીરના વિવિધ અવયવોના આકાર અને વનસ્પતિદ્વારા ઊગતા ફળોના આકારમાં કેટલુંક સામ્ય છે. એટલું જ નહિ પણ તે ફળ તે આકારના અવયવ માટે પણ એટલું જ ઉપયોગી છે, એવું અત્યારના વિજ્ઞાને શોધ્યું છેઃ—

૧. આંખનો આકાર બદામ જેવો છે. બદામમાં આંખને જરૂરી વિટામીન એ છે.

૨. મગજનો આકાર અખરોટ જેવો છે.



૩. હાડકાનો આકાર શેરડી જેવો છે.

૪. નસોમાં વહેતું લોહી ભાજીપાલાના રસ જેવું છે.

૫. કિડનીનો આકાર કાજુના આકાર જેવો છે.

૬. લીવરનો આકાર શીંગોડા જેવો છે.

૭. હૃદયનો આકાર બોર, જમરૂખના આકાર જેવો છે.

તેવી જ રીતે ફૂલને પણ મનુષ્ય જીવન સાથે સરખાવી શકાય. મનુષ્ય જીવનની બાલ્ય અવસ્થા એ ફૂલની કળીની અવસ્થા છે. ફૂલમાંથી ફળ બને તેમ બાળકમાંથી માનવ યુવાન બને છે! ફૂલથી ફળ સુધીનો વિકાસ.

ફૂલ કોમળ, સુગંધયુક્ત અને સુંદર હોય છે તેમ બાળક પણ ભાવની કોમળતા, પ્રેમની સુગંધ અને દિવ્યગુણોની સુંદરતા ધરાવતા હોય છે. આ બધા ગુણો બાળકમાં પ્રચ્છન્ન હોય છે તેને બહાર કાઢવાનું અને તેને કાર્યાન્વિત કરવાનું કાર્ય ફૂલવાડી જેવા કાર્યક્રમો કરે છે. ફૂલની જેમ બાળક પણ ખૂબ સંવેદનશીલ હોય છે. ફૂલ પ્રકૃતિ પ્રતિ સંવેદનશીલતા ધરાવે છે જ્યારે બાળક આપણા તેના તરફના ઘડતર, વ્યવહાર માવજત પ્રતિ સંવેદનશીલતા ધરાવે છે.

કળિયુગમાં ભાવનાનું સ્થાન ઉપયોગિતાએ લીધું છે. ભાવનું સ્થાન તર્કે ગ્રહણ કર્યું છે. ત્યાગનું સ્થાન સ્વાર્થે લીધું છે. સ્નેહનું સ્થાન ભૌતિક પદાર્થોની દોટે લીધું છે.

બાળકના જીવનમાં ભાવના, ત્યાગ, સ્નેહ, સંવેદનશીલતાના ગુણોનું સિંચન થાય માટે ફૂલવાડી જેવા કાર્યક્રમો જરૂરી છે.

જે શાંતિ આશ્રમ, મંદિર, મસ્જિદમાં મળે છે, તે ઘટમાં પણ પ્રેમયુક્ત વ્યવહારદ્વારા મેળવી શકાય. આ માટે બાળકને નાની

ઉંમરથી જ સુસંસ્કાર આપવામાં આવે અને યોગ્ય ઘડતર કરવા-માં આવે. બાળવિકાસ માટેની શિબિરો ઘણી જગ્યાએ થાય છે પણ ત્યાં જીવનનો જે પ્રાણ કહેવાય તેવાં પ્રેમમય વ્યવહાર અને આધ્યાત્મિકતાને ખાસ કોઈ સ્થાન નથી હોતું.

પૂ. શ્રી મા નિર્મિત ફૂલવાડીમાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય એ રીતે ૧. શારીરિક વિકાસ. ૨. માનસિક વિકાસ. ૩. સામાજિક વિકાસ અને ૪. આધ્યાત્મિક વિકાસની પ્રવૃત્તિ-ઓ યોજી હતી.

૧. શારીરિક વિકાસ માટે : આસન, કસરત, રમત—ગમત ક્રિકેટની રમત ખાસ રમાડી.

૨. માનસિક વિકાસ માટે : અંગ્રેજીનું ભણતર, ક્રિકેટની પ્રવૃત્તિ, કેન્ડલ બનાવવાનું શીખવ્યું. રાત્રે વિજ્ઞાનના પ્રયોગ અને ગણિતની ગમ્મત વગેરે કાર્યક્રમ થયા.

૩. સામાજિક વિકાસ માટે : સાંસ્કૃતિક કાર્યક્રમ, સંગીત, નૃત્ય, નાટક, ગરબા, રાસ તેમ જ સહજીવનની તાલીમ વગેરે.

૪. આધ્યાત્મિક વિકાસ માટે : પ્રણામ, જપ, યોગતીર્થનું અવલોકન, અભ્યાસ, અને પરીક્ષા. આ દ્વારા પ્રભુના જીવન વિષે બાળકને માહિતી આપી. તે જ પ્રમાણે પૂ. શ્રી મા સર્વેશ્વરીના જીવનની શૈશવ કથા વિષે માહિતી અને સમજ આપી. આમ ફૂલવાડીમાં સમય—સમય પરના આધ્યાત્મિક કાર્ય-ક્રમોને સાથે ગૂંથી લેવામાં આવ્યા. દરેક બાળક શ્રદ્ધાભાવથી આ કાર્યક્રમમાં જોડાયાં.

ફૂલવાડીમાં સ્વર્ગારોહણની અનાજ વિતરણ અને બ્લડ ડોનેશન જેવી લોક—કલ્યાણની પ્રવૃત્તિઓ વિશે બાળકોએ જાણ્યું અને તેના વિશે અનેક પ્રશ્નો પૂછી પોતે તેમાં કેવી રીતે સહ-



ભાગી થઈ શકે તે વિષે પૂ. શ્રી માનું માર્ગદર્શન મેળવ્યું.

પ્રકૃતિના ફેરફાર પ્રતિ, ફૂલ ખૂબ સંહેદનશીલ હોય છે. તેમ બાળક પણ ઘણું સંવેદનશીલ હોય છે બાળકની સંવેદનાને યોગ્ય ઢાળ આપવા માટે તેની અંતઃચેતનાને વાળવી જોઈએ. એ કાર્ય પૂ. શ્રી મા કરી રહ્યાં છે. એવી સંવેદના બાળકમાં હોવી જોઈએ જે માતાપિતાની વૃદ્ધાવસ્થામાં ઉત્પન્ન થતી શૂન્યતાને જોઈ શકે.

આ સંવેદનાથી બાળક પ્રેમની પરિમલ પ્રસરાવે, પુષ્પની જેમ, બાળક સત્કર્મોની સુવાસ ફેલાવે જીવનમાં. પુષ્પ જેમ સુંદર છે તેમ દિવ્ય ગુણો વિકસાવી જીવન પણ સુંદર બનાવે બાળક એ જરૂરી છે.

પુષ્પનું કાર્ય : જે રીતે ફૂલ જન્મીને ખીલીને પ્રભુના શ્રીચરણોમાં ચઢી જાય છે તે રીતે આપણું જીવન પણ પૂર્ણરૂપે ખીલીને મા—પ્રભુના શ્રી શ્રી ચરણોમાં ચઢી જાય એવા આશિષ માંગીએ.

પૂ. શ્રી મા અગાધ પ્રમને વશ થઈ બાળકો માટે ફૂલવાડીનું આયોજન કરે છે. ફૂલવાડીમાં બાળકોના વિકાસની સાથે સાથે જે સંસ્કાર સિંચન કરવામાં આવે છે તેમ થતું રહે તો સ્વર્ગા-રોહણની આગળની પ્રવૃત્તિઓને આગળ ધપાવવા માટે નવી પેઢી ખૂબ સક્ષમ સાબિત થાય તેમ છે. વૃદ્ધાશ્રમ સમાજમાંથી નાબૂદ થઈ સ્વસ્થ સમાજ નિર્માણ થઈ શકે.

દરેક ઘરમાં કળિયુગ હોવા છતાં સતયુગી શાંતિ અને શીતળતા છવાયેલી રહે. આવી અનેક ફૂલવાડીઓનું પૂ. શ્રી મા આયોજન કરતાં રહે એવી આશા રાખીએ અને પૂ. માને ચરણે પ્રાર્થના ધરીએ. ○

# પૂ. શ્રી શ્રી માનો પ્રાકટ્યદિન

સુરેશભાઈ શાહ, ટોરન્ટો

૧૩ નવેમ્બર આજે પૂ. શ્રી માનો જન્મદિવસ, પ્રાકટ્ય-દિન. શરીર ધારણ કર્યું માટે વર્ષમાં એક જ દિવસ ''જન્મ-દિવસ'' આધ્યાત્મિકતાને અનુલક્ષીએ તો પ્રત્યેક પળે માનો જન્મદિવસ. જીવનમાં જન્મદિવસે બધું જ શુભ, વ્યવહાર, વિચારો, વર્તન, અને પારસ્પારિક સંબંધો પણ શુભ. પૂ. મા પ્રત્યેક પળે સાંસારિક પ્રલોભનોમાં અને આસક્તિમાં ખૂંપેલા જીવોને પ્રભુપ્રત્યે પ્રયાણ કરવા પ્રેરે છે, તેમનું કલ્યાણ ઇચ્છે છે, તે માટે પ્રભુને પ્રાર્થના પણ કરે છે અને માનવજાતમાં પ્રેમ, શુદ્ધિ, વિશુદ્ધિ, ભાઇચારો અને નામસ્મરણ પ્રકટે અને પ્રસરે તે માટે પોતાના જીવનથી પ્રત્યક્ષ ઉદાહરણ આપે છે.

પૂ. માનું ઉપવાસી, મૌન, એકાંત અને ઈશ્વરપરાયણ જીવન સૂચવે છે કે—પૂ. શ્રી મા, ● અસામાન્ય શક્તિ છે. ● મહાશક્તિ છે. ● પરમશક્તિ છે. ● દિવ્યશક્તિ છે. ● આત્મશક્તિ છે. ● આદ્યશક્તિ છે. ● અલૌકિક શક્તિ છે.

પૂ. મા આપણને જણાવે છે કે, (પોતાના વ્રતો, ઉપવાસો, મૌનદ્વારા) ● પ્રભુના નામસ્મરણમાં ઉધાર ના ચાલે. ● હિસાબ ચોખ્ખો જોઇએ. ● વ્યાજ સાથે વળતર આપવું જોઇએ. ● કોઇ બહાના શોધાય નહીં. ● કોઇ વિલંબ ક્ષમ્ય નહીં. ● કોઇ આળસ ચાલે નહીં.

જીવન તેવો જ ઉપદેશ—મૌન છતાં મહાન ઉપદેશ.

પૂ. માને મનોમન પ્રણામ કરતાં થાય છે કે—



મૌનના મહાલયમાં, સ્વાર્પણના સામ્રાજ્યમાં, આત્મનિરી-ક્ષણના સિંહાસન પર બિરાજમાન, સિદ્ધિના સારસમા પૂ. શ્રી માનાં જેણે પણ દર્શન કર્યાં છે જેમણે પણ પૂ. શ્રી માનું સાન્નિધ્ય પ્રાપ્ત કર્યું છે તે અહોભાગી છે, બડભાગી છે અને કૃતકૃત્ય બન્યા છે.

મૌનદ્વારા પૂ. શ્રી મા ઉપદેશ આપે છે કે તમારા શબ્દો કરતાં તમારા કાર્યોને બોલવા દો, કારણ શબ્દો વિલિન થઇ જાય છે જ્યારે કરેલાં કાર્યો દેખાય છે. મૌનથી મળતો અપરોક્ષ ઉપદેશ એવો પણ છે કે, ''બોલવું સહેલું છે, ઓછું બોલવું અને જરૂરી બોલવું તેથી અઘરું છે અને સૌથી અઘરું મૌન છે.''

પૂ. મા આપ સ્વર્ગારોહણમાં સ્વર્ગને લાવ્યાં છો. આરોહણ હવે ભક્તોને કરવાનું છે. આપના ઉપદેશોને અનુસરવાના છે, આપના જીવનકાવ્યને વાચવાનું છે, તેમાંથી પ્રેરણા અને પથપ્રદર્શન પ્રાપ્ત કરવાનું છે. પૂ. મા, આપના જન્મદિવસે હજારો માઇલ દૂર છું પણ અંતરમાં વિરાજેલાં/બિરાજેલાં પૂ. મા આપને મનના પવિત્રભાવોથી પ્રણામ પાઠવું છું. સ્વીકારશો, નિરાશ નહીં કરો તેવી શ્રદ્ધા સાથે વિરમું છું.

અંતે પૂ. મા આપને અને આપના મૌનને કહેવાનું મન થાય છે કે, ● મૌન જ વાણીનો ભંડાર છે, અને આપનો વૈભવ છે. ● મૌન ''પાગલના પગલે''ના પ્રયાણની પગદંડી છે. ● મૌન સંયમનો સરવાળો છે. ● મૌન આપની આધ્યાત્મિકતા અને એકાંતનું અમૃત છે. ● મૌન હૃદયની પરિપ્લાવીતતાનો પ્રકાશ છે. ● મૌન આપનું આભૂષણ છે. ● પૂ. શ્રી મા આપનું મૌન એ મારા અંતઃકરણની ભાષા છે.

# સ્મૃતિ ચકાસણી–(મેમરી ટેસ્ટ)

દેવાંશી ટેલર

## પોયણું પાંગર્યું

પૂ. શ્રી માનો જન્મ કપૂરામાં થયો.

તે ધન્ય દિવસ હતો ૧૯૪૩, ૧૩ નવેમ્બર, કારતક વદ બીજ, શનિવાર.

તેમનાં ભાઇ શ્રી વામનભાઇએ આ સમયની નોંધ એક હાજરીપત્રક જેવા ચોપડાની પાછળ કરી લીધી.

આ બાળકીનું નામ સરોજ પાડવામાં આવ્યું.

જન્મનાં ૧૩ દિવસ બાદ ન્યુમોનિયાનાં ભયંકર તાવથી આ બાળકીનું શરીર ઠંડુ પડી ને કાળું થઇ ગયું.

તેમનાં દાદીજીએ સરોજનું શરીર શાંત થયું છે એમ જણાવ્યું.

સરોજનાં માતાનું નામ ભીખીદેવી હતું. તેમનાં પિતાનું નામ કાલિદાસ હતું.

પિતાજી જ્યારે ઘરે પાછા આવ્યા ત્યારે તેમણે જોયું, કે સરોજનું શરીર સફેદ ચાદરથી ઢાંકેલું હતું.

પિતાજીએ ઝડપથી ડોક્ટરને બોલાવ્યાં.

ડોક્ટરે જણાવ્યું કે, બાળકીને ફક્ત ખેંચ આવી છે.

ત્યારબાદ સરોજે આંખ ઊઘાડી.

આ પ્રભુની કૃપા જ તો હતી!

૧૩ દિવસની આ સરોજ હવે ૧૩ મહિના, ૧૩ વર્ષ પણ જીવી ગઇ.



આ સરોજ ધીમે ધીમે મોટી થતી ગઇ.

પિતાજી દરરોજ સરોજને સવારમાં પોતાની પીઠ પર બેસાડી-ને પાણી ગરમ કરવા માટેના ચૂલા પાસે બેસાડી નિત્ય પ્રાર્થના અને ‘શાંતાકારમ્’ જેવાં શ્લોક પણ ગવડાવતા.

સરોજને શાળામાં મૂકવામાં આવી.

૧ થી ૩ ધોરણ સરોજ કપૂરામાં માતા–પિતા સાથે રહીને ભણી.

ચોથા ધોરણથી સરોજને વ્યારા પોતાની બહેનો સાથે ભણવા મૂકવામાં આવી.

બહેનોની સ્કૂલ સવારની અને સરોજની સ્કૂલ બપોરની હતી.

સરોજને સ્કૂલ જવું ન ગમતું.

બહેનોને દૂરથી આવતાં જોઇને સરોજ પોતાનાં ચોટલા છોડી નાંખતી. આમ દિવસમાં સાતથી આઠ વાર બનતું.

સરોજ સ્કૂલે ન જવા માટે ખૂબ જ રડતી.

પણ બહેનો તેને સ્કૂલે તો મોકલતી જ હતી.

એક વખત સરોજ ખૂબ જ અંધકારમાં વ્યારાથી કપૂરા એકલી ચાલી નીકળી.

કપૂરા પહોંચી ત્યારે તે જોઇને તેમના માતાએ થપ્પડ મારી.

આ પછી તરત જ સરોજ પાછી વ્યારા તરફ ચાલી નીકળી.

આ બાબત એમ સમજાવે છે કે સરોજ બાળપણથી જ ‘સ્વમાની’ હતી.

સરોજ ખૂબ જ તોફાની અને રમૂજી હતી.

વળી, પોતાની પાસેની બધી વસ્તુઓ પણ સૌને વહેંચીને જ

વાપરવી એવી ઉદાર પણ હતી.

વળી, દયાળુ ગણાવી શકાય તેવો એક પ્રસંગ જણાવાયો છે.

સરોજની મિત્રના બાપુજી ખૂબ જ વૃદ્ધ હતા અને સરોજની મિત્ર સ્કૂલે ગઇ હોય. તેથી સરોજ તે વૃદ્ધને પાણી ભરી આપતી. કેવી દયા!

એક વખત સરોજ તેની સહેલીઓ સાથે મેળામાં ગઇ. ત્યાં તે સર્કસ જોવા બેઠી. સમય ઘણો થઇ ગયો. સરોજ પાછી ન આવી હોવાથી પિતાજી તપાસ કરવા માટે મેળામાં ગયાં.

મેળામાં તો સરોજ ન મળી. મિત્ર પિતાજીને લાગ્યું કે, કદાચ સરોજ સર્કસ જોવા બેઠી હોય.

તેથી સર્કસ છૂટ્યું ત્યાં સુધી મિત્ર પિતાજી બહાર ઊભા રહ્યાં.

વળી, સરોજની બહેનના શિક્ષક ઈશ્વરભાઇ બહેનને ભણાવવા માટે ઘરે આવતાં.

એક વખત આ તોફાની સરોજે ખુરશીનો દાંડો કાઢી નાંખ્યો. તે ઈશ્વરભાઇ જ્યારે ખુરશીમાં બેસવા ગયા ત્યારે ખુરશીમાં ફસાઇ ગયા.

બીજે દિવસથી તેઓ આવતા બંધ થઇ ગયા.

એક વખત પ્રભુએ સરોજની સાપથી રક્ષા કરી.

સરોજ જ્યારે સ્વીચ ચાલુ કરવા ગઇ ત્યારે તેને કાળો સાપ ઊનના દોરડાં જેવો લાગ્યો. અંતે પ્રભુએ તેની સાપથી રક્ષા કરી.

સરોજ ઘરમાં રોજ કામ કરતી.

આ કામ પાણી ભરવાનું, રસોડું સાફ કરવાનું, ચૂલો સળગાવવાનો, અને કચરા—પોતાં કરવાનાં હતાં. સરોજ અચૂક આ કામ કરતી.



સરોજને ૮ મા ધોરણથી નડિયાદમાં 'વિઠ્ઠલ કન્યા વિદ્યાલય'માં મૂકવામાં આવી.

આમ, બાળપણથી જ ઘરનો ત્યાગ કરવાની આદત પાડી.

વળી, પ્રભુ—પ્રાર્થના પણ નિયમિત થયાં કરતી.

સરોજ બાળપણથી જ ઉદાર, દયાળુ, જિદ્દી હતી.

પૂ. શ્રી માએ પોતાના બાળપણની બધી જ વાતો 'પોયણું પાંગર્યું' એટલે 'કમળની કળી ખીલી'માં લખી છે.

સાધુઓના શરીરમાંથી ઝરતી પવિત્રતા એક ઇંદ્રિયગોચર બાહ્ય વસ્તુના જેટલી જ અનુભવગમ્ય છે. અને એના સંસર્ગમાં આવનાર દરેક જણને પવિત્રતા અર્પણ કરે છે. — યોગેશ્વરજી

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**
**મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# ફૂલવાડીનો આ કાર્યક્રમ કેટલે અંશે જરૂરી છે.

પ્રિયંકા ત્રિવેદી

પરમ વંદનીય શ્રી યોગેશ્વર પ્રભુની કૃપાથી સ્વર્ગારોહણના ધામમાં તા. ૧૪–૧૧–૦૪ બુધવારના રોજ સુધી પૂ. માએ ફૂલવાડીમાં પધારેલ સૌ બાળદેવોને અમૃતનું પાન કરાવ્યું.

ફૂલવાડીનો કાર્યક્રમ બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. ફૂલવાડીદ્વારા બાળકોમાં માનસિક, શારીરિક તેમ જ આધ્યાત્મિક વિકાસ કરી શકાય છે. બાળકો કેવા હોય છે? ચંચળ, અનુકરણપ્રિય અને જિજ્ઞાસુ. દરેક બાળક સ્વાવલંબન ચાહે છે. તેને સ્વાવલંબી બનવા દેવા જોઈએ. એમના પર માતાપિતા પોતાનું રાજ ચલાવે તે ન ચાલે. બાળક જેવું જુએ છે એવું જ કરે છે. કેવળ અક્ષરો કે અંકજ્ઞાનથી બાળક બધું જ શિક્ષણ મેળવતું નથી. સાચું શિક્ષણ બાળકમાં પ્રેમ, સ્વતંત્રતા, અનુશાસન અને નિર્ભયતા પેદા કરવાનું છે. બાળકનું આત્મસન્માન જાગ્રત કરવા માટે તેને પ્રોત્સાહન આપવું પડે છે, બાળક એ રાષ્ટ્રનું હાસ્ય છે. રાષ્ટ્રનું ધન છે. બાળક માટે બાલ્યાવસ્થા એ જીવનનું પ્રભાત છે. માટે બાળકને બાળપણથી જ સારા સંસ્કારો આપવા જોઈએ. ફૂલવાડીરૂપી પાયાદ્વારા બાળકની શારીરિક, માનસિક તેમ જ આધ્યાત્મિક ઈમારત ઊભી કરી શકાય છે. માટે ફૂલવાડીનો કાર્યક્રમ જરૂરી છે.

ફૂલવાડીમાં આવેલ નાનામોટાં સૌ બાળકોને સ્વર્ગારોહણનું દર્શન એમાં યોગતીર્થની યાત્રા કરાવી. પૂ. શ્રી હરિ વિષે બાળકોએ ઘણું જાણ્યું અને માણ્યું. પૂ. માનું પુસ્તક પોયણું પાંગર્યુંમાંથી પૂ. માના શૈશવકાળનું દર્શન કર્યું. પૂ. માનું બાળ-



પણ પૂ. માનો સ્વભાવ કેવો રમૂજી હતો. પૂ. માની પ્રવૃત્તિ વિષે બાળકોએ જાણ્યું અને માણ્યું. એમની કસોટી પણ લેવાય. ઘણા બાળકોએ સારું લખાણ લખ્યું હતું. કંઈક વિશેષજ્ઞાન પ્રાપ્ત કર્યું. બાળકોનો આધ્યાત્મિક વિકાસ થયો.

આ ઉપરાંત દરરોજ નિયમિત વંદના, પ્રણામ કસરતદ્વારા શારીરિક વિકાસ કરી શકાયો. ઈતર પ્રવૃત્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમ જ મેમરીગેમ દ્વારા માનસિક વિકાસ કરી શકાયો. દરેક બાળકમાં કંઈકને કંઈક વિશેષતા હોય જ છે તેને વિકસાવવા (ખીલવવા) માટે ફૂલવાડીનો કાર્યક્રમ જરૂરી છે. કારણકે બાળકને આવી તક અને વાતાવરણ તેના ઘરોમાં કે શાળાઓમાં મળતાં નથી.

બાળક એ માત્ર બાળક જ છે, એવું નથી. ઘણી વખત બાળક આપણા ગુરુ બનીને આવે છે. ઈશ્વરની સૃષ્ટિમાં બાળક એ એક અદ્‌ભુત નિર્દોષ સર્જન છે. આપણે તેના વિકાસના ક્રમને ઓળખવો જોઈએ અને એ રીતે એનું ઘડતર કરવું જોઈએ. બાળક એ ક્ષણે—ક્ષણે વિકસતો જીવ છે. ફૂલને ચૂંથી નાખીએ તો એ ચીમળાઈ જાય છે, તેમ બાળકરૂપી ફૂલને જો પ્રેમ ન કરીએ તો તે મનથી કરમાય જાય છે બાળકને જે સંસ્કાર માતાપિતા આપી શકતાં નથી, એ સંસ્કાર આપવાનું કાર્ય આપણાં પૂ. માએ શરૂ કર્યું છે. આ ફૂલવાડીની શિબિરમાં પૂ. માએ સૌ બાળકોને સ્વતંત્રતા, સ્વાધીનતા, શિસ્ત અને નિયમપાલનના પાઠ શીખવ્યા છે, જેમ કે ફૂલવાડીના દિવસો દરમ્યાન બાળકોનું સામ્રાજ્ય બાળકોને સ્વતંત્રતા આપી. પોતાનું દરેક કાર્ય પોતાની જાતે જ કરવું. એકલા સૂવું, દરેક પ્રવૃત્તિમાં એકલા જ રહેવું, કેવા સરસ સ્વાધીનતાના પાઠ પૂ. માએ શીખવાડ્યા! બાળકો નિયમને પાળતા હતાં. આ દરેક

સિદ્ધાંત બાળકોના જીવનના આધાર સ્તંભ છે એ આપણા પૂ. મા શીખવાડે છે. માટે ફૂલવાડી જરૂરી છે. દરેક બાળકે પોતાની અંદર રહેલી શક્તિને સાંસ્કૃતિક કાર્યક્રમદ્વારા બહાર લાવીને તેની અંદર રહેલો ભય દૂર કર્યો. શિક્ષણજગતમાં આ જ્ઞાન મળે છે પણ અહીં ફૂલવાડીમાં પૂ. માના સાન્નિધ્યમાં કંઈક વિશેષ જ્ઞાન બાળકો પ્રાપ્ત કર્યું છે માટે ફૂલવાડી જરૂરી છે.

માતાપિતા તો ફક્ત પોતાના જ બાળકને પ્રેમ કરે છે જ્યારે આપણા પૂ. મા જગતનાં સૌ કોઈ નાનામોટા બાળકોને પ્રેમ કરે છે. પૂ. મા આપણા બાળકોને માટે તેમના વિકાસ માટે તેમના-માં પોતાના પ્રાણ પૂરી રહ્યાં છે તો આ બાળકો આપણા કેવી રીતે કહેવાય? પૂ. માનાં જ બાળકો કહેવાય ને! પૂ. માની કેવી અદ્ભુત લીલા છે. પૂ. શ્રી હરિની લીલા જુઓ. પૂ. માએ આ જંગલમાં મંગલ બનાવ્યું! પૂ. મા સ્વર્ગારોહણમાં અન્નવિતરણ, વસ્ત્રવિતરણ, બ્લડ ડોનેશન જેવા કેવા સરસ સેવાયજ્ઞો કરી રહ્યાં છે. ફૂલવાડીના કાર્યક્રમ દરમ્યાન બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. સૌ બાળકોને આ બ્લડ કેવી રીતે લેવાય તે પ્રક્રિયા જોવા લઈ ગયાં તો એક નાનકડો બાળક આદિત્ય પૂ. માને કહે છે કે મા મારે પણ લોહી આપવું છે. આ બાળમાનસે કેવી સરસ પ્રેરણા મેળવી. પૂ. માના દરેક કાર્યમાંથી ઘણું બધું બાળક શીખે છે બાળકને ઉપદેશ નથી આપવો પડતો. તેને ઉદાહરણ આપીને સમજાવવું પડે છે. આવા તો ઘણાં રત્નો ફૂલવાડીમાં ખીલી રહ્યાં છે.

વળી, નાનકડી સુકૃતિ પૂ. માને પૂછે છે કે મા! તમે અન્ન-વિતરણ, વસ્ત્રવિતરણ, બ્લડ ડોનેશન જેવા સેવાયજ્ઞ કરો છો તો એમાં અમે શું મદદ કરી શકીએ? આ બાળમાનસને કેવી સેવાની ભાવના જાગી? આવા બધા જ નાનાં બાળકો સ્વર્ગા-



રોહણના કાર્યને આગળ વધારશે પૂ. મા કળીમાંથી ફૂલ બનાવી રહ્યાં છે. પૂ. મા—પ્રભુના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે ફૂલવાડી-નો કાર્યક્રમ જરૂરી છે.

**વ્હાલા ફૂલવાડીના ફૂલો,**

પતંગિયાની પાંખો પહેરીને, સર્વાંગી વિકાસનું સિંચન કરવા માટે સાહિત્ય, સંગીત અને નૃત્યનું ભાથુ બાંધવા આ સ્વર્ગારોહણમાં પૂ. માનાં સાન્નિધ્યમાં ફૂલવાડીમાં તારલાની જેમ ટમટમવા બાળકો આવ્યાં હતાં.

શ્રી યોગેશ્વર પ્રભુના બાગમાં આધ્યાત્મરૂપી ફૂલવાડી પૂ. મા માળી બનીને શરૂ કરી રહ્યાં છે. પૂ. મા તેનું જતન પોતે જ કરી રહ્યાં છે. બાળક એ આપણા જીવન સુખની પ્રફુલ્લ તેમ જ પ્રસન્ન ઉઘડતી કળી છે તેને કળમાંથી ફૂલ પૂ. મા કરી રહ્યાં છે.

મારી દૃષ્ટિએ પૂ. માએ બાળદેવોને સ્વર્ગારોહણના પૂ. હરિના બાગના ફૂલો સાથે સરખાવ્યા છે. પૂ. માએ કેવા સુંદર બાગ બનાવ્યા છે તેના ઉપર કેવા સુંદર ફૂલો ઊગે છે અને તે સરસ ફોરમ ફેલાવે છે તેવી જ રીતે પૂ. મા બાળમાનસનું જતન કરી બાળકોને ફૂલો સાથે સરખાવી ફૂલવાડી નામ આપ્યું હોય!

ફૂલવાડીના કાર્યક્રમમાં લગભગ ૮૫ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. દરેક બાળકની પ્રકૃતિ અને ક્ષમતા એક સરખી નથી હોતી. પણ દરેક બાળકમાં કંઈકને કંઈક વિશેષતા જરૂર હોય છે. તે રીતે તેનો વિકાસ થાય છે.

દિશા—સુકૃતિ : બંને સંગીતમાં ખૂબ જ કુશળ છે. તેમનો અવાજ ખૂબ જ મધુર છે. તેમને કુદરતી બક્ષીશ મળી છે. એમ કહેવાય છે કે જેને સંગીત પ્રિય હોય તેના પર પ્રભુ ખૂબ પ્રસન્ન થાય છે. ખૂબ પ્રેમ કરે છે અને તે પ્રભુપરાયણ જીવ હોય છે એ

વાત ખરેખર સાચી દેખાય છે. જેમને જોવાથી કંઇક પ્રેરણા મળી શકે છે. તેઓ પૂ. શ્રી હરિના કાર્યોમાં દરેક પ્રવૃત્તિમાં રસ લે છે. અને તેની બાળભૂમિકા જોઇને બીજા ઘણા બાળકો તેમની પાસેથી ઘણું બધું ભાથું મેળવી શકે છે. તેથી જ પૂ. મા કહે છે કે આ નાનકડી સુકૃતિ અને દિશા આ સ્વર્ગારોહણનાં મહાન રત્નો છે.

કૃપેશ : કૃપેશ ચિત્રકામમાં ખૂબ જ પ્રવીણ છે. શ્રીકૃષ્ણ અને રાધાનું ચિત્ર સરસ રીતે તૈયાર કર્યું છે. ફક્ત ૧૩ વર્ષનો નાનકડો બાળક છે પણ તેનામાં કેવી સરસ કળા! તેણે ચિત્રકામમાં ૫૦ જેટલા સર્ટિફિકેટ મેળવ્યાં છે. તે ઉપરાંત ગણિતમાં પણ ખૂબ જ હોંશિયાર છે. કૃપેશ કહે છે કે આ બધું મારી પાસે 'મા' જ કરાવે છે તમારા થકી જ થાય છે. આ બાળમાનસને પૂ. મામાં કેવી શ્રદ્ધા છે. તેનું દર્શન થાય છે. એની મહેનત પણ છે અને સાથે સંતકૃપા પણ કામ કરે છે જેથી કૃપેશ સુંદર ચિત્રો દોરી. પોતાની કળાનું દર્શન કરાવી શકે છે.

હાર્દિક : સંગીતના સૂર સાથે તબલા પણ એટલા જ જરૂરી છે જેમ કે જમવામાં કંસારમાં ગોળ ન હોય તો તેનો સ્વાદ કેવો લાગે છે તેવી જ રીતે જો સંગીત સાથે વાદન ન હોય તો તેની મજા આવતી નથી. માટે જ સંગીત સાથે હાર્દિકે ખૂબ જ સરસ તબલાવાદન કરી બતાવ્યું હતું.

અભિનીતિ : અભિનીતિએ મોરલાનું ખૂબ જ સરસ નૃત્ય રજૂ કર્યું હતું. નૃત્યમાં સંગીત અને તબલાનો પણ સમાવેશ થાય છે અને આ ત્રણેયનો સાથે સંગમ થાય તો કેવી મજા આવે એ રીતે અભિનીતિએ પોતાની આગવી સુંદર કળાથી નૃત્ય કર્યું, જાણે એના થનગનાટમાં નટરાજનું નૃત્ય દેખાય એવું



સરસ નૃત્ય રજૂ કર્યું.

દેવાંગી : શિક્ષણજગતમાં ભાષાશુદ્ધિ હોવી ખૂબ જ જરૂરી છે. દેવાંગી દરરોજ રાત્રીની બેઠકમાં શ્રી યોગેશ્વર કથામૃતનું વાંચન કરે છે. તેના ઉચ્ચારો ખૂબ જ સ્પષ્ટ નીકળતા હતા. તેમાં ક્યાંય સૌરાષ્ટ્રની કે કોઇ અલગ ભાષા આવતી ન હતી. આ દરેક બાળકલાકારોની આ ખૂબ જ સુંદર હતી.

## ★ ફળશ્રુતિ ★

ફૂલવાડીમાં પધારેલ સૌ બાળદેવોએ ઘણું બધું પ્રાપ્ત કર્યું.

આ ૨૦૦૪ ની ફૂલવાડીમાં કંઇક નવું જ જોવાનું મળ્યું આપણને સ્વપ્નમાં પણ ખ્યાલ ન આવે કે ફૂલવાડીમાં કેવો કાર્યક્રમ હશે. પણ કંઇક નવો જ દોર હતો, જે બાળકો માટે ખૂબ જ જરૂરી હતો. તેમનાં જીવન માટે ઉપયોગી હતો. બાળકોએ દરેક પ્રવૃત્તિને ખૂબ જ આનંદથી સ્વીકારી હતી. નાનાં મોટાં સૌ બાળકોએ યોગતીર્થની દર્શનયાત્રા કરી તેના દ્વારા પૂ. પ્રભુના જીવનને જાણ્યું અને માણ્યું. કેવું સરસ કાર્ય થયું.!

'પોયણું પાંગર્યું' પુસ્તક દ્વારા પૂ. માના શૈશવકાળને જાણ્યું અને માણ્યું પૂ. શ્રી હરિ અને પૂ. માએ કેવાં હતાં. શું કર્યું હતું? તે જાણી તેના ઉપર પરીક્ષા પણ આપી.

પૂ. મા પાસેથી બાળકોએ દરરોજ પ્રભુને ૧૨ પ્રણામ કરવાની પ્રેરણા મેળવી અને એ સરસ નિયમ લીધો. માતાની કહેલી વાતો સાંભળવી અને પ્રભુની બાવની તેમ જ પ્રાર્થના કરવી જોઇએ. એકબીજાસાથે પ્રેમ કરવો જોઇએ. સેવા કરવી જોઇએ એવી ઘણી સરસ વાતો પૂ. મા પાસેથી બાળકોને આ ફૂલવાડીમાં જાણવા મળી.